# ૪.૪ જૈન ધર્મના જાણવા જેવા ગ્રંથો અને અભ્યાસક્રમની ઝલક

## જૈન આગમ સાહિત્ય : એક ઝલક

જૈન સાહિત્યમાં અસંખ્ય પુસ્તકો છે. પ્રભુ મહાવીરના સમયથી આજસુધીમાં અનેક મહાન જૈનાચાર્યોએ/ સર્જકોએ સંખ્યાબંધ પુસ્તકો રચ્યા છે. આચાર્ય ઉમાસ્વાતિ વાચકે ૫૦૦ ગ્રંથ રચ્યાં છે. શ્રી હરિભદ્રસૂરિ એકલાએ ૧૪૪૪ ગ્રંથોની રચના કરી છે. કલિકાસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યે વિપુલ સાહિત્ય રચ્યું છે. ઉપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજે ૧૦૮ મહાન ગ્રંથો લખ્યાં છે. આવા અનેક જ્ઞાની મહાત્માઓએ અસંખ્ય પુસ્તકો લખેલાં છે. હિંદુઓમાં ગીતા મુખ્ય મનાય છે. મુસલમાનોમાં કુરાને શરીફ મુખ્ય મનાય છે. ખ્રિસ્તીઓમાં બાઈબલ મુખ્ય મનાય છે એમ જૈનધર્મમાં આગમો એ જૈન ધર્મનું પરમ પવિત્ર અને પ્રમાણભૂત સાહિત્ય છે. અને સૂત્ર, શાસ્ત્ર, સિદ્ધાંત કે નિર્ગ્રંથ પ્રવચન એવા નામે પણ ઓળખવામાં આવે છે. આગમોની સંખ્યા પહેલાં ૮૪ની હતી. હાલ ૪૫ની છે. આ પિસ્તાલીસ આગમોમાં પ્રથમ આગમ-અંગ આચારાંગસૂત્ર છે, જેમાં સાધુઓના શુદ્ધ આચાર અને વિચારોનું સૂક્ષ્મ અને સૂત્રમય વર્ણન છે. આ એકજ મહાગ્રંથને કદાચ જૈન સાહિત્યના અતિટૂંકસારરૂપ કે પ્રતિનિધિ રૂપ પણ ગણી શકીએ. આમ, આચારાંગસૂત્ર એ જૈન સાહિત્યનું મુખ્ય પુસ્તક કે ગ્રંથ માની શકાય. ટુંકુ સૂત્રાત્મક હોવાથી તેના અનેક સૂત્રોના અસંખ્ય અર્થ તારવી શકાય છે.

ભગવાન મહાવીર 'ઉપન્નેઈવા ધુવેઈવા વિગમેઈવા'એ ત્રણ જ શબ્દમાં સંસારના સમગ્ર સમ્યગ્ જ્ઞાનનો સાર જણાવે છે. સ્ત્રી, બાળકો વગેરે પણ સમજી શકે તેવી (જૈન) અર્ધમાગધી ભાષામાં તેઓ ઉપદેશ આપતા. એમના મુખ્ય શિષ્યો-ગણધરો ભગવાન મહાવીરના આ ઉપદેશને સૂત્રરૂપે ગોઠવે છે અને બીજા તેને મુખપાઠ કરી લે છે. તેમના દીર્ઘાયુ મહાજ્ઞાની શિષ્ય સુધર્માસ્વામીએ એ ઉપદેશને સૂત્રરૂપે ગોઠવ્યો. એના બાર ભાગ છે અને એ દરેક ભાગ આગમના અંગ કહેવાય છે.

### આગમોમાં કયા કયા વિષયોની ચર્ચા છે?

આચારગ એ પહેલું અંગ છે. તેમાં જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વીર્ય વગેરે આચારો તથા ગોચરી, વિનય, શિક્ષા, ભાષા, અભાષા, સદ્વર્તન ક્રિયા વગેરેનું વર્ણન છે. બીજું અંગ સૂત્રકૃતાંગ છે. એમાં લોક, અલોક, લોકાલોક જીવ, સમય તથા ૮૦ ક્રિયાવાદી, ૮૪ અક્રિયાવાદી, ૬૭ અજ્ઞાનવાદી તથા ૩૨ વિનયવાદી - એમ ૩૬૩ મતોનું ખંડન કરી અનેકાન્તિક મંતવ્ય રજૂ કર્યું છે. સ્થાનાંગ સૂત્રમાં જીવ, સમય, લોક તથા ભૂગોળની સ્થાપના છે. સમવાયાંગમાં એકથી આરંભ ૧૦૧ સંખ્યાવાળા પદાર્થોનો નિર્ણયને દવાદશાંગીનું સ્વરૂપ બતાવ્યું છે. વ્યાખ્યા-પ્રજ્ઞપ્તિ સૂત્રનું બીજું નામ ભગવતીસૂત્ર છે. જીવાદિનું તલસ્પર્શી વિવેચન છે. જ્ઞાતાધર્મકથામાં દરેક કથાનાયકનું જન્મભૂમિથી મોક્ષ સુધીનું વર્ણન છે. ઉપાસકદશામાં શ્રમણોપાસકના જીવનો છે. અંતકૃદ્દશામાં મોક્ષગામીઓનાં જીવનો છે. પ્રશ્ન વ્યાકરણમાં પુછાતા વિદ્યામંત્રો, અપુછાતા વિદ્યામંત્રો, મિશ્ર પુછાતા વિદ્યામંત્રો અંગૂઠાદિના પ્રશ્નો, વિદ્યાતિશયો, દેવો સાથેના દેવી સંવાદો છે. વિપાકસૂત્રમાં સુખ-દુ:ખનાં કારણોની ચર્ચા છે. બારમું અંગ દૃષ્ટિવાદ છે, પણ તે હાલ નાશ પામ્યું છે.

એકલા સુધર્માસ્વામીએ જ બધા આગમો લખ્યા નથી. ચોથું ઉપાંગ પ્રજ્ઞાપના શ્રી શ્યામાચાર્યે રચેલું છે. ચતુ: શરણસૂત્ર શ્રી વીરભદ્રગણીએ રચેલું છે. બીજા પયન્ના રચનારાના નામ હજુ સુધી જણાયા નથી. છેદસૂત્રોમાં પહેલાં બે સિવાય બાકીના ભદ્રબાહુ સ્વામીએ રચ્યાં છે. મહાનિશીથ મૂળ ગણધર ભગવાન સુધર્માસ્વામીએ રચેલું, પણ તેનો ઉદ્ધાર શ્રી હરિભદ્રસૂરિએ કર્યો છે. નંદીસૂત્ર શ્રી દેવવાચકગણિએ રચ્યું છે. દશવૈકાલિકસૂત્રથી શ્રી શયંભવસૂરિએ રચ્યું છે. પિંડનિર્યુક્તિ શ્રી ભદ્રબાહુસ્વામીએ રચી છે.

સ્મરણશક્તિ ઘટવાથી સાધુઓ સૂત્રો વિસરવા લાગ્યા. તેથી પાટલીપુત્રમાં શ્રી ભદ્રબાહુસ્વામીના વખતમાં શ્રી શ્રમણસંઘ એકઠો થયો અને જેને જે અંગાદિ યાદ હતું તે બધું એકઠું કરી લીધું ત્યાર પછી લગભગ પાંચસો વર્ષે આર્યસ્કંદિલાચાર્યે સૂત્રોનો અનુયોગ (વ્યાખ્યા) કર્યો. એ વખતે જે સૂત્રોનાં વ્યાખ્યાનો થયાં તેને માથુરી વાચના કહે છે એ પછી વીર સંવત ૯૮૦માં દેવર્ધિગણિ ક્ષમા શ્રમણે વલ્લભીપુર(વલા)માં એક પરીષદ ભરીને તેમાં જૈન આગમોના સિદ્ધાંતો પુસ્તકારૂઢ થયાં. અર્થાત્ પહેલ વહેલા લખાયા. એ વલ્લભીવાચના કહેવાય છે. એની અનેક નકલો ઉતારવામાં આવી ને તેનો ઠામ ઠામ પ્રચાર કરવામાં આવ્યો. આજે એ ૪૫ આગમો મળી શકે છે. સુરતની શ્રી આગમોદય સમિતિ તેમજ અન્ય સંસ્થાઓ દ્વારા તે છપાઈ ગયાં છે. હવે તો તેમાંથી ઘણા આગમોનો ગુજરાતી તથા અન્ય ભાષામાં અનુવાદ પણ થયો છે. આ આગમોમાં અનેક વિષયોનું જ્ઞાન સમાયેલું છે. આજે પ્રાકૃતમાં ફેરફાર થઈ અનેક ભાષાઓ બની છે. આપણે હાલ મૂળ પ્રાકૃત ભાષા બરોબર સમજી શકાતી નથી પણ આ ગ્રંથો સંસ્કૃત, અપભ્રંશ, જુની ગુજરાતી, હિન્દી, મરાઠી, કન્નડ, તામીલ, અંગ્રેજી, જર્મન વગેરે ભાષાઓમાં મળે છે.

આગમો સિવાય જૈન તત્ત્વજ્ઞાનમાં ખાસ ગ્રંથોમાં તત્ત્વાર્થાધિગમસૂત્ર સહુથી સુંદર ગ્રંથ છે. એના ઉપર અનેક ટીકાઓ રચાઈ છે. એ સિવાય શ્રી હરિભદ્રસૂરિનું ષડ્દર્શનસમુચ્ચય, શ્રી જિનભદ્રક્ષમાશ્રમણનું વિશેષાવશ્યક ભાષ્ય શ્રી અનંતવીર્યની પરીક્ષાસૂત્ર લઘુવૃત્તિ, પ્રમાણનયતત્ત્વલોકાલંકાર શ્રી મલ્લિસેનની સ્યાદવાદમંજરી અને શ્રી ગુણરત્નની ‘તર્ક રહસ્યદીપિકા’ પણ જૈન તત્ત્વજ્ઞાનનાં સુંદર ગ્રંથો જુદા પાડવા કેટલીક વખત મુશ્કેલ પણ બની જાય છે.

આ રીતે શ્રી તીર્થંકર પરમાત્માની વાણી જે શાસ્ત્રોમાં વ્યવસ્થિત રીતે ગૂંથી લેવામાં આવી છે, તે આગમ કહેવાય છે. પૂર્વે અનેક આગમો હતા, પરંતુ વર્તમાનકાળે ૪૫ આગમો છે.

**૧. અગિયાર અંગસૂત્રો :** શ્રી તીર્થંકર પ્રભુ પાસેથી ત્રિપદી પ્રાપ્ત કરી ગણધર ભગવંતો દ્વાદશાંગીની રચના કરે છે. તેમાંનું ૧૨મું દૃષ્ટિવાદ અંગ હાલ વિચ્છેદ પામેલ હોવાથી વર્તમાનકાળે અગિયાર વિદ્યમાન છે. તે આ પ્રમાણે છે. (૧) આચારાંગ, (૨) સૂત્રકૃતાંગ, (૩) સ્થાનાંગ, (૪) સમયાંગ, (૫) વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ, (૬) જ્ઞાતાધર્મકથાંગ, (૭) ઉપાસકદશાંગ, (૮) અંતકૃદ્દશાંગ, (૯) અનુત્તરોપપાતિક દશાંગ, (૧૦) પ્રશ્નવ્યાકરણ અને (૧૧) વિપાકશ્રુતાંગ.

પરમાત્માની એકાંત હિતકર વાણીને સંગ્રહ કરનાર આ અગિયાર અંગોમાં અનુક્રમે (૧) આચાર, (૨) સંયમની નિર્મળતા, (૩) હેય-જ્ઞેય-ઉપાદેયનું સ્વરૂપ, (૪) અનેક પદાર્થોની વિવિધ માહિતી, (૫) ગણધર શ્રી ગૌતમસ્વામીએ પૂછેલા પ્રશ્નો અને પ્રભુએ આપેલા ઉત્તરો, (૬) અનેક ચારિત્રો અને દૃષ્ટાંતો, (૭) દશ મહાશ્રાવકોનાં વિસ્તૃત જીવનચરિત્રો, (૮) કેવળજ્ઞાન પામી તરત જ મોક્ષે જનાર મહામુનિઓનાં ચરિત્રો, (૯) સંયમની આરાધના કરી પાંચ અનુત્તરમાંજનાર મહામુનિઓનાં જીવનચરિત્રો, (૧૦) હિંસા વગેરે પાપના વિપાકો અને (૧૧) કર્મોનાં શુભાશુભ વિપાકો આદિનાં સવિસ્તર વર્ણનો છે.

**૨. બાર ઉપાંગ સૂત્રો :** દ્વાદશાંગીમાં વર્ણવેલ અનેક વિષયોમાંથી અમુક અમુક વિષય ઉપર વિશેષ વિવેચન કરનારાં શાસ્ત્રો તે ઉપાંગ ૧૨ છે તે આ પ્રમાણે છે (૧) ઔપપાતિક, (૨) રાજપ્રશ્નીય, (૩) જીવાજીવાભિગમ, (૪) પ્રજ્ઞાપના, (૫) સૂર્યપ્રજ્ઞપ્તિ, (૬) જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ, (૭) ચંદ્ર પ્રજ્ઞપ્તિ, (૮) નિરયાવલિકા, (૯) કલ્પાવતંસિકા, (૧૦) પુષ્પિકા, (૧૧) પુષ્પચૂલિકા અને (૧૨) વૃષ્ણિદશા.

આ બાર ઉપાંગ અનુક્રમે (૧) દેવોની જુદી જુદી યોનિઓમાં કયા કયા જીવો ઊપજે ? તેની માહિતી, (૨) પ્રદેશી રાજા અને કેશી ગણધરનો સંવાદ તથા સૂર્યાભદેવે ભગવાનની આગળ કરેલ બત્રીસ નાટકોની માહિતી, (૩) જીવ-અજીવનું સ્વરૂપ, (૪) જીવ અને પુદ્ગલ સંબંધી ૩૬ પદોનું વર્ણન, (૫) સૂર્ય સંબંધી વર્ણન,

(૬) જંબૂદ્વીપ સંબંધી નાની મોટી અનેક હકીકતો, (૭) ચંદ્ર સંબંધી વર્ણન, (૮) ચેડા મહારાજા અને કોણિક મહારાજાના યુદ્ધમાં શ્રેણિક મહારાજાના કાલ-મહાકાલ વગેરે દશ પુત્રો મરીને નરકમાં ગયા તેનું વર્ણન, (૯) કાલ - મહાકાલ વગેરે દશ ભાઈઓનાં પદ્મ-મહાપદ્મ વગેરે દશ પુત્રો સંયમની આરાધના કરી દશમા દેવલોકે ગયા તેનું વર્ણન, (૧૦) વર્તમાનકાલે વિદ્યમાન સૂર્ય-ચંદ્ર શુક્ર વગેરેના પૂર્વભવો તથા બહુપુત્રિકા દેવીની કથા વગેરે, (૧૧) જુદી જુદી દશ દેવીઓના પૂર્વભવોનું વર્ણન અને (૧૨) કૃષ્ણવસુદેવના મોટાભાઈ બળદેવના નિષધ વગેરે બાર પુત્રોના સંયમની આરાધનાને સમજાવનાર જીવનચરિત્રો આદિ વર્ણન આપવામાં આવેલ છે.

**૩. છેદ સૂત્રો :** સંયમ માર્ગે પ્રયાણ કરતાં મુનિજીવનમાં થઈ જનાર દોષોની વિશુદ્ધિ માટે પ્રાયશ્ચિત આદિની વ્યવસ્થા દર્શાવનાર સૂત્રો તે છેદસૂત્ર કહેવાય. તે હાલ ૬ (છ) છે. (૧) નિશિથ, (૨) બૃહત્કલ્પ, (૩) વ્યવહારસૂત્ર, (૪) દશાશ્રુતસ્કંધ(હાલ જે પર્યુષણા મહાપર્વમાં કલ્પસૂત્ર બારસાસૂત્ર નિયમિત વંચાય છે તે આ સૂત્રનું આઠમું અધ્યયન છે.), (૫) જીતકલ્પ અને (૬) મહાનિશીથ. આ સૂત્રોમાં મુખ્યત્વે સાધુજીવનના આચારો, તેમાં લાગતા દોષો, તે દોષોની શુદ્ધિ માટે પ્રાયશ્ચિત આદિનાં વિધાનો બતાવી સંયમજીવનની આરાધનાની નિર્મળતા. પરિણામશુદ્ધિ, આચારશુદ્ધિ અને પ્રાયશ્ચિત શુદ્ધિ આદિનું અંદર વર્ણન છે.

**૪. ચાર મૂલસૂત્રો :** શાસનની ઉત્પત્તિ, સ્થિતિ અને રક્ષણના પ્રાણસમા ચારિત્રના પાયાને મજબૂત કરનાર, શ્રુતજ્ઞાનના સાચા અધિકારી બનવાની યોગ્યતાનું ઘડતર કરનાર સંયમી જીવનના મૂલગ્રંથો આ પ્રમાણ ચાર છે; (૧) આવશ્યકસૂત્ર, (૨) દશવૈકાલિકસૂત્ર, (૩) ઓઘનિર્યુક્તિ-પિંડનિર્યુક્તિ, (૪) ઉત્તરાધ્યયનસૂત્ર.

આ સૂત્રોમાં અનુક્રમે (૧) સામાયિક આદિ છ આવશ્યકનું સ્વરૂપ, (૨) સાધુ-સાધ્વીના મૂળભૂત આચારોનું વર્ણન, (૩) દીક્ષા ગ્રહણ કર્યા પછી કેવી રીતે બોલવું-ચાલવું -ગોચરી કરવી વગેરે સંયમ-જીવનને ઉપયોગી બાબતો અને (૪) પરમાત્મા શ્રી મહાવીરદેવની અંતિમ દેશના આદિનું સુંદર વર્ણન છે.

**૫. દશ પ્રકીર્ણકો (પયન્ના) :** ચિતના આરાધકભાવને જાગ્રત કરનારા નાના-નાના ગ્રંથો તે પ્રકીર્ણક દશ છે. તે આ પ્રમાણે : (૧) ચતુ:શરણ, (૨) આતુર પ્રત્યાખ્યાન, (૩) મહાપ્રત્યાખ્યાન, (૪) ભક્તપરીજ્ઞા, (૫) તંદુલવૈચારિક, (૬) સંસ્તારક, (૭) ગચ્છાચાર, (૮) ગણિવિદ્યા, (૯) દેવેન્દ્રસ્તવ, (૧૦) મરણસમાધિ.

આ દશ પ્રકીર્ણકમાં અનુક્રમે (૧) ચાર શરણ, (૨) સમાધિમરણની પૂર્વ તૈયારી રૂપે આરાધના, (૩) અનશન માટેની તૈયારીની માહિતી, (૪) ચાર આહારના ત્યાગ માટેની ઉચિત મર્યાદા, (૫) જીવની ગર્ભાવસ્થા પછીની ક્રમિક અવસ્થા વગેરે, (૬) અંતિમ સમયે ચાર આહારનો ત્યાગ કરી સંથારો કેવી રીતે કરવો? (૭)સાધુઓના આચારની મર્યાદા અને સુવિહિત સમુદાયનું સ્વરૂપ (૮) આચાર્ય ભગવંતોને જરૂરી એવા જ્યોતિષ-મુહૂર્ત આદિની માહિતી, (૯) તીર્થંકર ભગવંતની ભક્તિ કરી જીવન સફળ બનાવનાર ઇંદ્રોનું વર્ણન અને મરણસમયે સમાધિ જાળવવાની માહિતી આદિનાં વર્ણનો આપેલ છે.

**૬. બે ચૂલિકાઓ :** (૧) નંદીસૂત્ર અને (૨) અનુયોગદ્વાર સૂત્ર આ બંને આગમ દરેક આગમોના અંગભૂત છે. નંદીસૂત્ર દરેક આગમોના આરંભે મંગલરૂપે છે અને અનુયોગદ્વાર સૂત્ર આગમોની વ્યવસ્થિત વ્યાખ્યા માટે સવિસ્તાર માહિતી આપનાર વ્યાખ્યા ગ્રંથ છે આ બે સૂત્રોના વ્યવસ્થિત અભ્યાસ વિના જૈન આગમોનું રહસ્ય જાણી શકાતું નથી.

આ પ્રમાણે વર્તમાન ૪૫ આગમોનો અભ્યાસ કરવાનો અધિકાર તે તે આગમના યોગોદ્વહન કરનાર પૂજ્ય મુનિ ભગવંતોનો છે. પૂજ્ય સાધ્વીજી મહારાજે પણ યોગોદ્વહન કરી આમાંના કેટલાક આગમોનો અભ્યાસ કરી શકે છે. શ્રાવક-શ્રાવિકાઓ ગુરુમુખેથી સાંભળી તે તે આગમોના અર્થ જાણી શકે છે પણ તેઓને મટે યોગોદ્વહનનું વિધાન ન હોવાથી જાતે અભ્યાસ કરી શકે નહિ.

આ આગમોનાં (૧) મૂળસૂત્રો, (૨) તેની નિર્યુક્તિઓ (૩) ભાષ્યો, (૪) ચૂર્ણિઓ અને (૫) ટીકાઓ-વૃત્તિઓ-અવચૂરિ એમ દરેકઆગમના પાંચ અંગો છે. તે પંચાંગી તરીકે સુપ્રસિદ્ધ છે અને તે દરેક પ્રમાણભૂત ગણાય છે.

## અન્ય જૈન સાહિત્ય

આગમ સાહિત્યના આધારે પૂર્વના જ્ઞાની મહાપુરુષોએ જીવોનું એકાંત હિત કરવાની ભાવનાથી પ્રેરાઈ સંસ્કૃત-પ્રાકૃત આદિ ભાષાઓમાં લાખો -કરોડો શ્લોકો પ્રમાણ દ્રવ્યાનુયોગ, ગણિતાનુ યોગ, ચરિતાનુ યોગ અને ચરણકરણાનુયોગ રૂપે અનેક પ્રકારના સાહિત્યની રચના કરી છે.

અભ્યાસની દૃષ્ટીએ વિચારીએ તો -

(અ) પ્રતિક્રમણ, જીવવિચાર આદિચાર પ્રકરણ, ત્રણ ભાષ્ય, પ્રાચીન તથા નવ્ય કર્મગ્રંથો, પંચસંગ્રહ, કર્મપ્રકૃતિ, તત્ત્વાર્થસૂત્ર બૃહત્ સંગ્રહણી, ક્ષેત્રસમાસ, વિશેષાવશ્યક ભાષ્ય, સપ્તતિકા ભાષ્ય વગેરે તાત્ત્વિક પ્રકરણો.

(આ) લઘુ હૈમપ્રક્રિયા, સિદ્ધહૈમ લઘુવૃત્તિ-બૃહદ્‌વૃત્તિ, બૃહન્ન્યાસ વગેરે જૈન વ્યાકરણો.

(ઈ) સ્યાદ્વાદમંજરી, જૈનતર્કભાષા અનેકાંત જયપતાકા, રત્નાકરાવતારિકા, ષડ્ દર્શન સમુચ્ચય, સ્યાદ્વાદરત્નાકર, સ્યાદ્વાદરહસ્ય, સમ્મતિતર્ક, દ્વાદશાર નયચક્ર વગેરે જૈન ન્યાયગ્રંથો.

(ઊ) જ્ઞાનસાર, અધ્યાત્મસાર, પ્રશમરતિ, સંવેગરંગશાળા, ઉપદેશપ્રાસાદ, ઉપદેશ રત્નાકર, ઉપદેશમાળા,શાંતસુધારસ, સમ્યક્ત્વ સપ્તતિકા, સૂક્તમુક્તાવલી વગેરે જૈન ઉપદેશના ગ્રંથો.

(ઉ) ધર્મસંગ્રહ, ધર્મરત્નપ્રકરણ, વિધિમાર્ગપ્રપા, વિચારસારપ્રકરણ, ઉપદેશપદ, પંચાશક, પ્રવચનપરીક્ષા, ધર્મપરીક્ષા, અધ્યાત્મમત પરીક્ષા, પંચવસ્તુ, ઉપદેશ રહસ્ય, પ્રતિમાશતક, ષોડશક, વીશીઓ, બત્રીશીઓ વગેરે જૈન વિચારણાના ગ્રંથો.

(ઋ) હીરસૌભાગ્ય, દ્યાશ્રય, શાંતિનાથ મહાકાવ્ય, પાર્શ્વનાથ મહાકાવ્ય, સપ્તાનુસંધાન, પાંડવ ચરિત્ર મહાકાવ્ય વગેરે પદ્ય કાવ્યો, તિલકમંજરી, ઉપમિતિ ભવ પ્રપંચા, વૈરાગ્ય કલ્પલતા વગેરે જૈન કાવ્યો.

(લૃ) પ્રાકૃત પ્રવેશ, પ્રાકૃતવિજ્ઞાન પાઠમાલા, પ્રાકૃત વ્યાકરણ વગેરે પ્રાકૃત વ્યાકરણો.

(ળૃ) વિજયચંદકેવળીચરિયં, પઉમચરિયં, કુવલયમાળા, સુરસુંદરીચરિયં, સુદંસણાચરિયં, વસુદેવહિંડી, સમરાઈચ્ચકહા, ચઉપન્ન મહાપુરિસચરિયં વગેરે પ્રાકૃત જૈન કાવ્યો.

(એ) સત્ય હરિશ્ચંદ્ર, મુદ્રિત કુમુદચંદ્ર, નલવિલાસ વગેરે જૈન નાટક ગ્રંથો

(ઐ) શ્રી વીતરાગસ્તોત્ર, મહાદેવસ્તોત્ર, સિદ્ધસેનકૃત દ્વાત્રિંશિકા, શોભન સ્તુતિ ચોવીશી, ઐન્દ્ર સ્તુતિ ચોવીશી, ધનપાલ કૃત ઋષભપંચાશિકા વગેરે જૈન તીર્થંકર સ્તુતિ ગ્રંથો.

(ઓ) છંદોનુશાસન વગેરે છંદશાસ્ત્રના ગ્રંથો.

(અં) વિવિધ તીર્થકલ્પો વગેરે તીર્થોની મહત્તા અને મહત્ત્વના સ્થળ દર્શાવનાર ગ્રંથો.

(અઃ) અર્હન્નીતિ વગેરે જૈન રાજ્યનૈતિક ગ્રંથો.

(ક) વાસ્તુશાસ્ત્ર, પ્રાસાદમંડન વગેરે જૈન શિલ્પસ્થાપત્યના ગ્રંથો.

(ખ) લગ્નશુદ્ધિ, દિનશુદ્ધિ, જ્યોતિષ્કરંડક, આરંભસિદ્ધિ વગેરે જૈન જ્યોતિષ્કના ગ્રંથો.

(ગ) ધ્વજદંડ, પ્રતિષ્ઠાવિધાન, અર્હદભિષેક, અર્હત્પૂજન, સિદ્ધચક્રપૂજન, શાંતિસ્નાત્ર, અષ્ટોત્તરી સ્નાત્ર વગેરે જૈન વિધિ–વિધાનના ગ્રંથો.

(ઘ) અર્હચૂડામણિ, અષ્ટાંગ નિમિત્ત અંગવિદ્યા વગેરે જૈન નિમિત્તશાસ્ત્રના ગ્રંથો.

(ઙ) પદ્માવતી કલ્પ, ચક્રેશ્વરી કલ્પ, સૂરિમંત્ર કલ્પ, ઉવસગ્ગહરં કલ્પ, નમિઉણ કલ્પ વગેરે જુદા જુદા મંત્ર કલ્પના જૈન ગ્રંથો.

(ચ) સ્વરશાસ્ત્ર, સ્વપ્નશાસ્ત્ર, સામુદ્રિકશાસ્ત્ર, વિવેકવિલાસ, ભદ્રબાહુસંહિતા વગેરે જુદા જુદા વિજ્ઞાનના ગ્રંથો.

(છ) યોગશાસ્ત્ર, યોગબિંદુ, યોગદૃષ્ટિ સમુચ્ચય, ધ્યાનશતક, જ્ઞાનાવર્ણવ, યોગશતક વગેરે જૈન યોગના ગ્રંથો.

(જ) અભિધાન ચિંતામણિ, ધનંજય નામમાળા, દેશી નામમાળા, અભિધાનરાજેન્દ્ર વગેરે જૈન શબ્દ કોશો તથા એકાંત રત્નમંજૂષા (જેમાં અષ્ટલક્ષાર્થીમાં રાજાનો દદતે સૌખ્યમ્ ના આઠ લાખ અર્થ આપેલ છે.) શતાર્થવીથી (જેમાં યોગશાસ્ત્રના પ્રથમ શ્લોક નમો દુર્વાર – રાગાદિ ના એકસો ચાર અર્થ કર્યા છે.) વગેરે શબ્દ ચમત્કૃતિના ગ્રંથો.

(ઝ) જૈનશૈલીને અનુસરતા સંગીતશાસ્ત્ર, જૈન વૈદક, જૈન આહારવિધિ, ભક્ષ્યાભક્ષ્ય વિવેક, ચૈતન્ય વિજ્ઞાન, કર્મવિજ્ઞાન, સમાજશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, માનવશાસ્ત્ર, નીતિશાસ્ત્ર આદિ ગ્રંથો.

આ રીતે દરેક પ્રકારની જુદી જુદી યોગ્યતાવાળા આત્માઓ જુદા જુદા પ્રકારનો અભ્યાસ કરી શકે તે માટેનું વિપુલ જૈન સાહિત્ય પૂર્વના મહાપુરુષોએ રચેલ છે.

ગુજરાતી આદિ દેશી ભાષાઓમાં પણ જુદા જુદા રાસો, ૧૨૫–૧૫૦–૩૫૦ ગાથાનાં સ્તવનો, દ્રવ્ય–ગુણ–પર્યાયનો રાસ, સ્તવન–સજ્ઝાયનાં ઢાળીયાઓ, સ્તવન ચોવીશીઓ, સ્તવન વીશીઓ, સમુદ્ર–વહાણ સંવાદ, ચૈત્યવંદન સ્તુતિ–સ્તવન–સજ્ઝાય આદિ વિપુલ સાહિત્ય પૂર્વના મહાપુરુષોએ રચેલ છે. વર્તમાનમાં પણ સ્વ. આ. વિજયપ્રેમસૂરીશ્વરજી મ. શ્રીની પ્રેરણાથી તેમના શિષ્ય–પ્રશિષ્યોએ લાખો શ્લોક પ્રમાણ કર્મવિષયક વ્યાકરણ–સાહિત્ય વિષયક આ વિજય નેમિસૂરીશ્વરજી મહારાજ તથા જૈન સાહિત્ય – પ્રાકૃત ભાષામાં નિર્માણ કરેલ છે.

ઉપરોક્ત વિવિધ વિષયક ગ્રંથોના અભ્યાસ માટે વ્યવસ્થિત યોજના કરવામાં આવે એ તેમાં રસ લેનાર વિદ્યાર્થીઓની પરીક્ષા લઈ ઉચ્ચ પ્રકારનાં ઈનાઓ અને પ્રમાણપત્રો આપવામાં આવે. તે તે ગ્રંથો વ્યવસ્થિત અભ્યસ માટે કેન્દ્રો ઊભાં કરવામાં આવે તો પૂર્વના મહાપુરુષોએ રચેલ ભિન્ન ભિન્ન વિદ્યાનાં જુદાં જુદાં શાસ્ત્રોનો

અભ્યાસ ચાલુ થવાથી તે તે વિષયના જાણકાર પુરુષો સંઘને મળી રહેશે.

સાત્ત્વિક ધાર્મિક જીવનના ઘડતર માટે ચતુર્વિધ શ્રી સંઘને કલિકાલ સર્વજ્ઞ આ. શ્રી હેમચંદ્રસૂરિ મ. ના યોગશાસ્ત્રનું અધ્યયન વિશેષ ઉપકારી છે. સમગ્ર સંઘમાં પાઠ્ય પુસ્તક તરીકે બની શકે તેવી યોગ્યતા છે. શ્રી કુમારપાળ મહારાજા દરરોજ એ ગ્રંથોનો સ્વાધ્યાય કરીને જ દાંતણ પાણી કરતા હતા.

આ ગ્રંથોનું પઠન-પાઠન ભવિષ્યમાં ચાલુ રહેશે તો જૈન શૈલી અનુસાર નવાં વિવેચનો, સ્પષ્ટીકરણો અને સંશોધનો ઉમેરાશે અને આપણી આ ઉપકારક પ્રાચીન વિદ્યા ચિરકાળ જીવંત રહેશે.

આપણી પાસે હજારો વર્ષોથી પૂર્વાચાર્યોએ રચેલાં જ્ઞાનનાં લાખો પુસ્તકો વિદ્યમાન છે, તે આજ સુધી સચવાઈ પણ રહ્યાં. ખરેખર ! એ પણ આપણું મહાન સદ્‌ભાગ્ય છે.

વિશ્વનું કલ્યાણ કરનાર એ અણમોલ ધન છે, સદ્‌ભાગ્યે સારી રીતે અધ્યયન કરી શકે તેવા શક્તિ-સંપન્ન તેજસ્વી સુયોગ્ય આત્માઓ પણ આજે જૈન સંઘમાં વિદ્યમાન છે. આજે અધ્યયન ચાલે પણ છે, શ્રીયશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળા મહેસાણા તે અંગે આંશિક કાર્ય કરી રહેલ છે. પરંતુ તેમાં વધારે વેગ લાવી તેને ફરીથી વધુ સજીવન કરવાની ખાસ જરૂર છે. ગીતાર્થ પુરુષોની સલાહ અનુસાર તેને યોગ્ય રીતે ચાલુ કરવામાં આવે તો માનવજગતને અત્યંત ઉપકારક નીવડે તેમ છે. શક્તિસંપન્ન આત્માઓ યોગ્ય પ્રયત્ન કરે એ જ અભ્યર્થના.

ઉપરોક્ત જણાવેલ નાટ્યસંગ્રહો, કાવ્ય સંગ્રહો અને બીજા વિવિધ પ્રકારના આગમેતર સાહિત્યો વિષેની વધારે વિસ્તૃત માહિતી આ પ્રમાણે છે જેમાં આગળ જણાવ્યું તેમ યોગશાસ્ત્ર વધુ મહત્વ ધરાવે છે.

## યોગ અને અધ્યાત્મના ગ્રંથો

યોગ બિન્દુ, યોગદૃષ્ટિસમુચ્ચય, યોગવિંશિકા, યોગશાસ્ત્ર, યોગશતક, યોગસાર, સમાધિશતક, પરમાત્મપ્રકાશ, સમભાવશતક, ધ્યાનશતક, ધ્યાનસાર, ધ્યાનદીપિકા, ધ્યાનવિચાર, અધ્યાત્મ ઉપનિષદ, અધ્યાત્મબિન્દુ, અધ્યાત્મતરંગિણી, અધ્યાત્મગીતા, અધ્યાત્મકલ્પદ્રુમ, જ્ઞાનાવર્ણ વગેરે.

## કર્મ સાહિત્ય:

તેના મુખ્ય ગ્રંથો કર્મ પ્રકૃતિ, પંચસંગ્રહ, પ્રાચીન પાંચ કર્મ ગ્રંથો, નવીન છ કર્મગ્રંથો, સંસ્કૃત ચાર કર્મગ્રંથો, કર્મસ્તવ વિવરણ વગેરે છે. એના પર ટીકાઓ રચાયેલી છે.

## સાહિત્ય ગ્રંથો

સાહિત્યગ્રંથોમાં જૈનોનો ફાળો ઘણો મોટો છે. વ્યાકરણ, કોશ, છંદશાસ્ત્ર, અલંકારશાસ્ત્ર, કાવ્ય, નાટક, કથા, પ્રબંધ વગેરે સાહિત્યના બધા વિષયો પર આચાર્યોએ લખ્યું છે. પાણિનીના સંસ્કૃત ભાષાના વ્યાકરણની હરણફાળ કરનાર સિદ્ધહેમ વ્યાકરણ શ્રી હેમચંદ્રાચાર્યે રચ્યું છે. એના છેલ્લા અધ્યાયમાં પ્રાકૃત, અપભ્રંશ વગેરે ભાષાનાં વ્યાકરણો પણ લખ્યાં છે. શાકટાયનનું વ્યાકરણ તો ઘણા વખતથી પ્રસિદ્ધ છે. પૂજ્યવાદ દેવનંદિનું જૈનેંદ્ર વ્યાકરણ તો ઘણા વખતથી પ્રસિદ્ધ છે. બુદ્ધિસાગરઆચાર્યે બુદ્ધિસાગરવ્યાકરણ, જ્ઞાનવિમળગણિએ શબ્દપ્રતિભેદ વ્યાકરણ, ને શ્રી વિદ્યાનન્દસૂરિએ સિદ્ધસારસ્વત વ્યાકરણ રચ્યું છે. પ્રાકૃત

ભાષાનાં બીજા પણ અનેક વ્યાકરણો જૈનાચાર્યોએ જ રચ્યાં છે. તામીલ અને કાનડી ભાષાના મૂળ વ્યાકરણો જૈનાચાર્યોથી જ રચાયા છે. ને ગુજરાતી ભાષા પર તો સૈંકડો વર્ષ સુધી એકલા હાથે જૈનોએ જ પ્રભુત્વ ભોગવ્યું છે. કાવ્યની સંખ્યાનો સુમાર નથી. અનેક કાવ્યો ઉપરાંત દ્વિસંધાનકાવ્ય, ત્રિસંધાનકાવ્ય, અને છેક સપ્તસંધાનકાવ્ય એટલે જેના શ્લોકમાંથી સાત સંબંધવાળા અર્થ નીકળે તેને સાતના જુદા જુદા જીવન સમજાય તેવાં પણ રચાયાં છે. એક અષ્ટલક્ષી નામનો ગ્રંથ છે. તેમાં એક શ્લોકના આઠ લાખ અર્થો કર્યા છે. શ્રી હેમચંદ્રાચાર્યે છંદશાસ્ત્ર તથા અલંકાર પર સ્વતંત્ર ગ્રંથો રચ્યા છે. શ્રી વાગભટે પણ કાવ્યલંકાર નામે અલંકાર પર સ્વતંત્ર ગ્રંથ રચ્યું છે. શ્રી અમરચંદ્રસૂરિએ કવિશિક્ષાવૃત્તિ, કવિકલ્પલતા, છંદો રત્નાવલિ કલા–કલાપ વગેરે ગ્રંથો રચ્યાં છે. શ્રી નમિસાધુએ પ્રખ્યાત કાવ્યલંકાર પર ટીપ્પન રચ્યું છે. શ્રી નરેન્દ્રપ્રભસૂરિએ અલંકાર મહોદધિ બનાવ્યો છે. શ્રી માણિક્યચંદ્રસૂરિએ કાવ્યપ્રકાશસંકેત બનાવ્યો છે અને કોશની રચનામાં તો શ્રી હેમચંદ્રાચાર્યે હદ કરી છે. અભિધાનચિંતામણી, અનેકાર્થ કોશ, દેશીનામમાલા, નિઘંટુ એ બધા એમણે એકલાએ જ રચ્યા છે, ઉપરાંત સટીક ધાતુપાઠ, સટીક ધાતુપરાયણ ધાતુમાળા, લિંગાનુશાસન વગેરે સંસ્કૃત ભાષાશાસ્ત્રમાં મહત્ત્વના ગ્રંથો રચ્યાં છે. ધનંજય કવિએ ધનંજય નામમાળા બનાવી છે. શ્રી હર્ષકીર્તિજીએ શારદીય નામમાલા રચી છે. બીજાઓએ પણ ઘણું સાહિત્ય ગ્રંથોમાં કામકર્યું છે.

## મહાકાવ્યો

ઘણા તીર્થંકરોના ચરિત્રો શિષ્ટ કાવ્યોમાં લખાયેલાં છે. શ્રી શાંતિનાથ ચરિત્ર, નેમિનાથ ચરિત્ર, શ્રી પાર્શ્વનાથ ચરિત્ર, શ્રી વાસુપૂજ્ય ચરિત્ર, વગેરે ઘણા કાવ્યો છે. એ સિવાય શ્રી અભયદેવસૂરિએ જયંત વિજય મહાકાવ્ય લખ્યું છે. શ્રી અમરચંદ્રસૂરિએ પદમાનંદાભ્યુદય મહાકાવ્ય રચ્યું છે. કવિ શ્રી જયશેખરસૂરિએ જૈન કુમારસંભવ કાવ્ય લખ્યુ છે. શ્રી દેવપ્રભસૂરિ મલધારીએ પાંડવચરિત્ર મહાકાવ્ય બનાવ્યું છે. શ્રી ધનંજય મહાકવિએ રાઘવ પાંડવીય મહાકાવ્ય (દ્વિસંધાન મહાકાવ્ય) રચ્યું છે. શ્રી નયનચંદ્રસૂરિએ હમ્મીર મહાકાવ્ય તથા પદ્મચંદ્રજીએ ધન્નાભ્યુદય મહાકાવ્ય લખ્યું છે. વળી પદ્મસુંદરગણિએ રાયમલ્લાભ્યુદય મહાકાવ્ય તથા પાર્શ્વનાથકાવ્ય રચ્યાં છે. તથા મણિકચંદ્રસૂરિએ પાર્શ્વનાથચરિત્ર તથા નલાયનકાવ્યની રચના કરી છે. શ્રી હેમચંદ્રાચાર્યે પણ ત્રિષષ્ઠિશલાકા પુરુષ ચરિત્ર તથા દ્વયાશ્રય નામનાં મહાકાવ્ય લખ્યાં છે. એ સિવાય બીજાં પણ ઘણાં કાવ્યો છે. ખંડ કાવ્ય, સ્તોત્ર અને સ્તુતિઓનો તો પાર જ નથી.

## નાટકો

રઘુવિલાસ, નલવિલાસ, રાઘવાભ્યુદય, સત્ય હરિશચંદ્ર, કૌમુદીચિત્રાનંદ, નિર્ભયભીમવ્યાયોગ (કર્તા, શ્રી હેમચંદ્રાચાર્યના પ્રખ્યાત શિષ્ય શ્રી રામચંદ્ર) હમીર મદમર્દન (કર્તા જયસિંહ) રંભામંજરી (કર્તા નયચંદ્રસૂરિ) મોહપરાજય (કર્તા યશપાલ) કુમુદચંદ્ર, પ્રબુદ્ધ રોહિણેય, દ્રૌપદી સ્વયંવર, ધર્માભ્યુદય વગેરે.

## કથાઓ

સંસ્કૃત, પ્રાકૃત ને ગુજરાતી ભાષા જૈન કથાઓથી ભરપૂર છે. એમાં શ્રી હેમચંદ્રાચાર્યનું ત્રિષષ્ટિશલાકાપુરુષ ચરિત્ર તથા પરિશિષ્ટપર્વ, શ્રી પાદલિપ્તાચાર્યની તરંગલોલા, દાક્ષિણ્ય ચિહ્ન ઉદ્યોતનસૂરિની કુવલયમાલા, શ્રી ભદ્રેશ્વરસૂરિની કથાવલી, વસુદેવહિંડી, શ્રી હરિભદ્રસૂરિની સમરાઇચ્ચકહા, શ્રી સિદ્ધર્ષિગણીની ઉપમિતિભવપ્રપંચાકથા, શ્રી ધનપાલકવિની તિલકમંજરી, વગેરે મુખ્ય છે. આપણા આચાર્યોના હાથે પંચતંત્રના અનેક સંસ્કરણ થયાં છે. કથાકલ્લોલ, સિંહાસનબત્રીસી, વેતાલપચ્ચીસી, શુકસપ્તતિ વગેરે વગેરેનાં પણ ઘણાં સંસ્કરણો થયાં છે. એ ઉપરાંત રાસ અને જીવનચરિત્રો ઘણાં જ છે. એકલા ગુજરાતી ભાષામાં જ સાતસો

ઉપરાંત રાસ છે અને પ્રબંધની રચનામાં પણ જૈનો આગળ પડતાં છે. શ્રી મેરુતુંગાચાર્યે પ્રબંધ ચિંતામણીની રચના કરી છે. શ્રી રાજશેખરસૂરિએ ચતુર્વિંશતિ પ્રબંધ રચ્યો છે. શ્રી પ્રભાચંદ્રસૂરિએ પ્રભાવકચરિત લખ્યું છે. શ્રી ભદ્રેશ્વરાચાર્યે પુરાતનપ્રબંધસંગ્રહ, મહાકવિ રામચંદ્રે પ્રબંધો લખ્યાં છે. આમ જૈનોના કથા અને પ્રબંધગ્રંથો પણ ઘણાં જ છે.

## કલા અને વિજ્ઞાન ઉપરના ગ્રંથો

શિલ્પકલા, સંગીત, ધનુર્વિદ્યા, અશ્વપરીક્ષા, ગજપરીક્ષા, પક્ષીવિજ્ઞાન, રત્નપરીક્ષા, રસાયણ આયુર્વેદ, ખગોળ, જ્યોતિષ વગેરે પણ સારી સંખ્યામાં ગ્રંથો છે. એટલું જ નહિં પણ વિશ્વકોશની રચના થાય, તેવી રચના પણ થયેલી છે.

શિલ્પશાસ્ત્રની નિપુણતા જૈનોના અનેક ભવ્ય પ્રાસાદો જોતાં જણાઈ આવે છે. એ વિષે જૈન વિદ્વાન ઠક્કર ફેરુએ ‘વાસ્તુસાર’ ગ્રંથ લખ્યો છે. વાસ્તુશાસ્ત્ર નામનો ગ્રંથ ભોજદેવે લખ્યો છે. એ સિવાય પ્રાસાદમંડન વગેરે ઘણા ગ્રંથો છે. શ્રી પાર્શ્વદેવ નામના જૈનાચાર્યે સંગીતમયસાર તથા બીજા એક આચાર્યે સંગીતરત્નાકર લખી એ વિષયમાં નામના મેળવી છે. એ સિવાય સંગીતદીપક, સંગીત રત્નાવલિ વગેરે ગ્રંથો પણ રચાયા છે. રત્નપરીક્ષા નામનો ગ્રંથ ફ્રાંસના એક ઝવેરીએ ફ્રેન્ચ ભાષામાં અનુવાદ કરી થોડાં વર્ષ પહેલાં બહાર પાડ્યો છે. હીરક પરીક્ષા, સમસ્ત રત્નપરીક્ષા વગેરે ગ્રંથો પણ એ વિષયમાં મોજુદ છે. ધનુર્વેદ, ધનુર્વિદ્યા, અશ્વાદિ, ગજપરીક્ષા, પક્ષીવિજ્ઞાન વગેરે ગ્રંથો પણ જુદા જુદા ભંડારોમાંથી મળી આવ્યા છે. ઠક્કર ફેરુએ સિક્કાઓ વિશે અગત્યનો ગ્રંથ લખ્યો છે. મંત્રતંત્ર વિષે ઘણું લખાયું છે. મંત્રો વિષે અગત્યનો ગ્રંથ વિદ્યાનુશાસન નામે છે તે જૈનાચાર્યની જ રચના છે. વળી મંત્ર વિષયના જુદા જુદા ઘણા કલ્પો રચાયા છે. ભૈરવપદ્માવતી કલ્પ, શંખાવર્ત કલ્પ વગેરે અનેક છે. સૂરિમંત્ર કલ્પ એ એક આમ્નાય કલ્પ છે તે પણ સાધુઓના ગચ્છો મુજબ જુદા જુદા રચાયેલા મળે છે. જ્યોતિષમાં ભદ્રબાહુ નામથી ભદ્રાબાહુસંહિતા છે. હર્ષકીર્તિએ જ્યોતિષસારોદ્ધાર નામનો ગ્રંથ રચ્યો છે. જેમાં તારાઓ સંબંધી ઘણું છે. એ સિવાય આરંભ સિદ્ધિ, અર્ધકાંડ, ચંદ્રરજ્જુ, ચક્રવિવરણ જાતકદીપિકા જ્યોતિષસાર સંગ્રહ, ભુવનદીપક વગેરે અનેક ગ્રંથો છે. રટ્ટાચાર્ય નામના જૈન સાધુએ રટ્ટાસૂત્ર નામે ૧૩૦૦ ગાથાનો ગ્રંથ લખ્યો છે. જેમાં વરસાદ, ધરતીકંપ, વીજળી અને એવા અનેક વિષયોના પૂર્વલક્ષણો બતાવ્યાં છે. વૈદકમાં પણ અનેક ગ્રંથો છે, જેવા કે આયુર્વેદ મહોદધિ ચિકિત્સોત્સવ, દ્રવ્યાવલિ (નિઘંટુ) પ્રતાપ કલ્પગ્રંથ, માધવરાજ પદ્ધતિ, યોગરત્નાકર, રત્નાસાગર, રસચિંતામણિ, વૈદક સારોદ્ધાર વગેરે. ગણિતના અનેક ગ્રંથો પૈકી શ્રી મહાવીરાચાર્યે ઈ.સ.ના નવમા સૈકામાં રચેલ ગણિતસારસંગ્રહનો તો અંગ્રેજી અનુવાદ પણ થઈ ચુક્યો છે. નિમિત્તશાસ્ત્રમાં તો જૈનાચાર્યોએ પોતાના અનુભવોનો ખજાનો લોકહિત માટે ખુલ્લો મૂકી દીધો છે. અંગવિદ્યા નામનો એક પ્રાચીન ગ્રંથ એ વિષે ઉપયોગી માહિતી આપે છે. દુર્ગદેવે રિષ્ટાસમુચ્ચય નામનો ગ્રંથ બનાવ્યો છે.

વિજ્ઞાનકોશની જેમ વિનયવિજયજી મહારાજે લોકપ્રકાશ નામનો ગ્રંથ બનાવ્યો છે. તેમાં સાતસો ગ્રંથની તો શાખ આપેલી છે.

ગ્રંથોને અંતે તે આચાર્યોએ પોતાની પ્રશસ્તિઓ આપેલી હોય છે. જેમાં તેમના ગુરુઓ અને તે સમયનાં રાજાઓ મંત્રીઓ, ગૃહસ્થો અને તેમણે કરાવેલા શુભ કાર્યોની નોંધ પણ આપી હોય છે. તે પ્રશસ્તિઓ ઈતિહાસ માટે ઉપયોગી પુરવાર થાય છે. એવી જ રીતે એ પુસ્તકોની અંતે લેખન સમયની પણ પ્રશસ્તિઓ હોય છે તે પણ ઘણી માહિતીઓ આપે છે. આ પ્રશસ્તિઓ શિલાલેખ જેટલી જ પ્રામાણિક મનાય છે.

અહીં થયેલી સમગ્ર ચર્ચા જૈન ધર્મની શ્વે. મૂ. પરંપરાને સંલગ્ન છે.

## શ્રુત–સ્વરૂપ: ઉપમાઓ દ્વારા

૧. **સૂર્ય :** સૂર્ય જેમ અંધકારનો નાશ કરી જગત ઉપર પ્રકાશ ફેલાવે છે, તેમ શ્રુતજ્ઞાન રૂપી સૂર્ય, મોહરૂપ અંધકારનો નાશ કરી સમગ્ર પદાર્થોની વાસ્તવિક સમજ આપવારૂપ પ્રકાશને કરે છે. સૂર્ય જેમ ઉષ્મા પેદા કરી જગતમાં તાજગી લાવે છે, તેમ શ્રુતજ્ઞાન શ્રદ્ધા અને સંયમરૂપ ઉષ્મા પેદા કરી, કર્મ કચરાનો નિકાલ કરી, આત્મ ઘરમાં તાજગી લાવે છે.

૨. **સાગર :** સમુદ્ર જેમ અગાધ જલના ભંડારરૂપ છે, તેમ શ્રુતજ્ઞાન સુંદર પદોની રચનારૂપ પાણીના ભંડાર તુલ્ય છે.

૩. **ચંદ્ર :** ચંદ્રની કળા દિન–પ્રતિદિન વધે છે, તેમ શ્રુતજ્ઞાન આત્માની કળાને વધારે છે.

૪. **દર્પણ :** મુખ ઉપર રહેલો ડાઘ દર્પણ દેખાડે છે, તેમ આત્મા ઉપર પડેલા રાગ–દ્વેષના ડાઘને આગમ રૂપી અરીસો બતાવે છે.

૫. **મોરપીંછ :** મોરપીંછ જેમ બાહ્ય રજને દૂર કરે છે, તેમ શ્રુતજ્ઞાન કર્મરજનો નિકાલ કરે છે.

૬. **શંખ :** શંખ ઉપર કોઈ પ્રકારનું અંજન થઈ શકતું નથી, તેમ જ્ઞાનવાન આત્મા ઉપર રાગાદિનાં અંજન થઈ શકતાં નથી.

૭. **સ્તંભ :** આખી ઈમારતનો આધાર થાંભલો છે, તેમ દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ મોક્ષમાર્ગનો આધાર શાસ્ત્રજ્ઞાન છે.

૮. **વજ્ર :** વજ્રરત્ન જેમ શત્રુનો સંહાર કરે છે, તેમ જ્ઞાનરૂપ રત્ન રાગાદિ શત્રુનો વિનાશ કરે છે.

૯. **સિંહ :** સિંહના મુખના દર્શન થતાં જ ક્ષુદ્ર જંતુઓ ભાગી જાય છે, પાસે આવતાં નથી, તેમ શાસ્ત્ર જ્ઞાનના એક ટંકારથી આત્માના ક્ષુદ્રભાવો ભાગી જાય છે.

## શ્રુતજ્ઞાન શું કરે છે?

શ્રુતજ્ઞાન એટલે સમ્યગ્ (સમજણ) પૂર્વકનું જ્ઞાન, જે જ્ઞાન....

રાગીને વીતરાગી બનાવે.

દ્વેષીને વીતદ્વેષી બનાવે.

અજ્ઞાનીને સર્વજ્ઞ બનાવે.

આત્માને પરમાત્મા બનાવે.

દુરાત્માને મહાત્મા બનાવે.

બહિરાત્માને અંતરાત્મા બનાવે.

ક્રોધીને શાંત બનાવે.

અભિમાનીને નમ્ર બનાવે.

લોભીને સંતોષી બનાવે.

કામીને નિષ્કામી બનાવે.

ભોગીને યોગી બનાવે.

પૂજકને પૂજ્ય બનાવે.

નાશવંતને શાશ્વત બનાવે.

મોહીને નિર્મોહી બનાવે.

લૌકિકને લોકોત્તર બનાવે.

કૃતઘ્નને કૃતજ્ઞ બનાવે.

દેવને દેવાધિદેવ બનાવે.

બુદ્ધિને સદ્‌બુદ્ધિ બનાવે.

અનાર્યને આર્ય બનાવે.

આર્યને આર્હત્ બનાવે.

હિંસકને અહિંસક બનાવે.

અધર્મીને ધર્મી બનાવે.

પાપીને પુણ્યશાળી બનાવે.

ચોરને શાહુકાર બનાવે.

શ્રીમંતને દાનવીર બનાવે.

રંકને રાય બનાવે.

દુર્જનને સજજન બનાવે.

સંસારીને મુક્ત બનાવે.

સાધકને સિદ્ધ બનાવે.

પતિતને પાવન બનાવે.

ઉન્માર્ગીને સન્માર્ગી બનાવે.

આર્હત્‌ને અર્હત્‌ બનાવે.

અનાપ્તને આપ્ત બનાવે.

સસ્નેહીને નિસ્નેહી બનાવે.

શરીરીને અશરીરી બનાવે.

ચંચળને સ્થિર બનાવે.

અપૂર્ણને પૂર્ણ બનાવે.

નામચીનને નામાંકિત બનાવે.

જિનદાસને જિનરાજ બનાવે.

પરોક્ષને પ્રત્યક્ષ બનાવે.

જીવનને જાગતું બનાવે.

અંતે મરણને મહોત્સવ બનાવે.

jainuniversity.org

## જ્ઞાનનાં ઉપકરણો

| | | | | |
|---|---|---|---|---|
| ૧. તાડપત્ર | ૨. કાગળ | ૩. કાપડ | ૪. કાષ્ઠપટ્ટિકા | ૫. ભોજપત્ર |
| ૬. શિલા | ૭. કંબિકા–લાકડાની પટ્ટી | | ૮. દોરો | ૯. ગ્રંથિ |
| ૧૦. છંદણ | ૧૧. સાંકળ | ૧૨. સાપડો | ૧૩. નવકારવાળી | |
| ૧૪. અકીકનો પત્થર | ૧૫. ટેબલ (Desk) | | ૧૬. તામ્રપત્ર | ૧૭. કવળી |

## પુસ્તકોના પ્રકારો

| | | | |
|---|---|---|---|
| ૧. ગંડી પુસ્તક | ૨. કચ્છપી પુસ્તક | ૩. મુષ્ટિપુસ્તક | ૪. સંપુટ પુસ્તક |
| ૫. છેદપાટી | ૬. ટિપ્પણાં | ૭. કાગળના | ૮. ત્રિપાટી |
| ૯. પંચપાટી | ૧૦. શૂડ/શૂઢ | ૧૧. ચિત્ર પુસ્તક | ૧૨. સુવાર્ણાક્ષરી પુસ્તકો |
| ૧૩. રૌપ્યાક્ષરી | ૧૪. સૂક્ષ્માક્ષરી | ૧૫. સ્થૂલાક્ષરી | |

૧૬. કાતરથી કાપીને લખેલા પુસ્તકો

## ૧૮ લિપિ

| | | | |
|---|---|---|---|
| ૧. હંસ લિપિ | ૨. ભૂત લિપિ | ૩. જક્ષી લિપિ | ૪. માલવિલી લિપિ |
| ૫. નડિ લિપિ | ૬. નાગરી લિપિ | ૭. રાક્ષસી લિપિ | ૮. ઉડ્ડી લિપિ |

૯. યવનિ લિપિ ૧૦. તુરૂક્કી લિપિ ૧૧. કીરી લિપિ ૧૨. દ્રાવિડી લિપિ

૧૩. સેંધાવિ લિપિ ૧૪. લાડ લિપિ ૧૫. પારસી લિપિ ૧૬. અનિમિતિ લિપિ

૧૭. ચાણક્યી લિપિ ૧૮. મૂળદેવી લિપિ

# જૈન દર્શનનું અન્ય સાહિત્ય (જાણવા જેવા ગ્રંથો)

## ૧. ઉપદેશમાળા :

આ ગ્રંથ પ્રભુ મહાવીરનાં હસ્તે દીક્ષિત થયેલાં તેમનાં જ શિષ્ય શ્રી ધર્મદાસગણીનાં કરકમલો દ્વારા રચના પામ્યો છે કે, જેઓ ત્રણ જ્ઞાનનાં ધારક હતાં. ૧૧ ગણધર ભ. સિવાય ભગવાનનાં શિષ્યો પૈકીનાં પ્રાય: આ એક જ મહાપુરુષનો ગ્રંથ આપણને ઉપલબ્ધ થાય છે કે, જેમાં ૨૫૦ વિષયો આવરવામાં આવ્યા છે. આપણાં જીવન માટે એટલો બધો અમૂલ્ય છે કે – જો ન ભણીએ તો આપણને અતિચાર પણ લાગી શકે છે. આ ગ્રંથમાં આપેલા ઉપદેશનું મહત્ત્વ અહીં તો કેટલું વર્ણવી શકાય ? પણ ગ્રંથકાર પોતે જે ૫૩૪ મી ગાથામાં કહે છે કે – " આ ગ્રંથ ભણ્યા પછી ધર્મમાં ઉદ્યમ કરાવનું જેને મન જ ન થાય તેને અનંત સંસારી જાણવો." આટલું કથન જ તેનાં મહત્ત્વ માટે પૂરતું છે.

આગમોની હરોળમાં મૂકવા જેવા આ ગ્રંથને સાચો ન્યાય આપવા એકવાર પણ તેનું વાંચન કરવું જરૂરી છે.

## ૨. તત્ત્વાર્થ સૂત્ર

કલિકાલ સર્વજ્ઞશ્રી એ સિદ્ધહેમ વ્યાકરણમાં 'ઉપોમાસ્વાતિમ્ સંગ્રહીતાર:' કહીને શ્રેષ્ઠ સંગ્રહકાર તરીકે સંબોધેલ પૂજ્ય વાચકવર્ય ઉમાસ્વાતીજી મહારાજાએ ૮૦ અધ્યાય અને ૨ કારિકાથી સુશોભિત એવા આ ગ્રંથમાં જૈન શાસનના પદાર્થોનો સંગ્રહ સુંદર રીતે કરેલ છે. આ એક જ ગ્રંથ દ્વારા જૈન શાસનના સંપૂર્ણ પદાર્થોનું જ્ઞાન મેળવી શકાય છે.

સમ્યગ્દર્શનની મુખ્યતાપૂર્વક મોક્ષમાર્ગના વર્ણન સાથે, જીવાદિ તત્ત્વો, ૭ નયો, ઔપશમિકાદિ ભાવો, નારકી, દ્વીપ, સમુદ્રો, દેવો, ધર્માસ્તિકાયાદિ અજીવો, આશ્રવ, પાંચ વ્રતો, તેની ભાવના, કર્મબંધનાં કારણો, કર્મનું સ્વરૂપ, સંવર, તપ અને છેલ્લે મોક્ષ વગેરે પદાર્થોનું વર્ણન રોચક રીતે રજૂ કર્યું છે.

## ૪. જ્યોતિષકરંડકમ્ :

આ પ્રકીર્ણક ગ્રંથ ઉપર આ. પાદલિપ્ત સૂ. મહારાજે ટીપ્પણી કરી છે. જેમાં ખગોળ અંગેનું જ્ઞાન, જ્યોતિષ અંગેનું જ્ઞાન આપવામાં આવ્યું છે. સૂર્ય-ચંદ્ર આદિ ગ્રહોની ગતિ વગેરેનું વર્ણન કરવામાં આવેલ છે.

## ૫. દ્વાદશાર નયચક્ર :

આ. મલ્લાદિ સૂ. મ. જે માત્ર ૧ શ્લોકના આધારે ૧૦,૦૦૦ શ્લોક પ્રમાણ આ ગ્રંથની રચના કરી છે. જેમાં (૧) વિધિ, (૨) વિધિનિધિ, (૩) વિધ્યુભય, (૪) વિધિનિયમ, (૫) ઉભય, (૬) ઉભયવિધિ, (૭) ઉભયોભય, (૮) ઉભયનિયમ, (૯) નિયમ, (૧૦) નિયમવિધિ, (૧૧) નિયમોભય, (૧૨) નિયમનિયમ – ભિન્ન ભિન્ન પ્રકારના ૧૨ નયોનું વિસ્તારથી નિરૂપણ કરી અંતે જણાવ્યું છે કે – નયો=આરો અને તે રથના અરોની જેમ સ્યાદ્‌વાદરૂપી લુમ્બ=નાભિમાં જોડાયેલા રહે તો જ સાપેક્ષ રીતે સત્ય છે. આ વાત જણાવી સ્યાદ્વાદની આવશ્યકતા અને જિન વચનની સર્વનય સમૂહાત્મકતા સિદ્ધ કરી છે.

**૬. પ્રમાણનયતત્ત્વાવલોકાંકાર :**

પૂ.આ. વાદિદેવસૂરિ વિરચિત ૮ પરિચ્છેદાત્મક આ ગ્રંથ જૈન ન્યાયની અપેક્ષાએ ટોચ કક્ષાનો જણાય છે. જેમાં પ્રમાણના ભેદ, પ્રત્યક્ષ અને પરોક્ષ પ્રમાણનું સ્વરૂપ તથા ભેલ, પ્રમાણનો વિષય, પ્રમાણનું ફળ, નયની વ્યાખ્યા, નયાભાસનું લક્ષણ, નયના પ્રકાર, વાદનું લક્ષણ, વાદના પ્રકારો, વાદી-પ્રતિવાદીનું સ્વરૂપ વગેરે વિષયોને ઊંડાણપૂર્વક રજૂ કરાયા છે. દાર્શનિક કક્ષાના આ ગ્રંથમાં અન્ય મતનું ખંડન પણ વિસ્તારથી કરેલ છે.

**૭. ન્યાયાવતાર :**

પૂ. આ. સિદ્ધસેનદિવાકરસૂરિ મહારાજે આ ગ્રંથમાં પરમતના ખંડનપૂર્વક જૈન મતના તત્ત્વોની સ્થાપના કરી છે. પ્રમાણનું સ્વરૂપ, તેના પ્રકારો, તેનું ફળ, દૂષણો, દૂષણાભાસ, નયનું સ્વરૂપ, દુર્નયનું નિરૂપણ, પ્રમાણનું નિરૂપણ વગેરે પદાર્થોના જ્ઞાન દ્વારા ન્યાયમાં પ્રવેશ કઈ રીતે પામવો તેનું તાર્કિક નિરૂપણ આ ગ્રંથમાં કરવામાં આવ્યું છે.

jainuniversity.org

**૮. નયોપદેશ :**

આ ગ્રંથની ઉપર મહોપાધ્યાયજીએ પોતે ન્યાયામૃતતરંગિણી નામની ટીકા બનાવી છે. તેમાં વિસ્તારથી બહુ જ સ્પષ્ટ રીતે પ્રસ્થકાદિ દૃષ્ટાંતો આપીને સાતે નયોનું સ્વરૂપ, દરેક નયની ક્યારે અને ક્યાં યોજના કરવી, દરેક નય કયા કયા નિક્ષેપા માને છે, તે તેમજ પ્રસંગે પ્રતિમા પ્રતિષ્ઠાદિના વિચાર દર્શાવ્યા છે.

**૯. શ્રાવક પ્રજ્ઞપ્તિ :**

૫૦૦ ગ્રંથના રચયિતા પૂર્વધર મહર્ષિ ઉમાસ્વાતીજી મહારાજે રચેલ ગ્રંથો પૈકી ઉપલબ્ધ એવો આ ગ્રંથ ૪૦૫ શ્લોક પ્રમાણ છે. શ્રાવક ધર્મને પ્રતિપાદન કરનારા ગ્રંથોમા સૌથી પ્રાચીન પ્રમાણભૂત આ ગ્રંથ છે. જેમાં સમ્યકત્વનું સ્વરૂપ - નવતત્ત્વનું સ્વરૂપ-કર્મના ભેદ, શ્રાવકના ૧૨ વ્રતો, શ્રાવકની સામાચારી વગેરેનું વિશદ્ વર્ણન કરવામાં આવ્યું છે.

**૧૦. પઉમચરિયં :**

પદ્મ=રાગ=દશરથ પુત્ર રામ. તેમનું ચરિત્ર મુખ્યપણે આ ગ્રંથમાં આ. વિમલસૂરિએ વિ.સ. ૬૦ માં રજૂ કરેલ છે. જેમાં રામ, સીતા, જનક, દશરથ, રાવણ, વગેરે દરેક પાત્રોના વર્ણનપૂર્વક રામાયણનું સંપૂર્ણ વર્ણન કરેલ છે. અનેક અન્તર્ગત વિષયોનો પણ સમાવેશ કર્યો છે.

**૧૧. શત્રુંજય માહાત્મ્ય :**

૧૫ અધિકારમાં વહેંચાયેલા આ ગ્રંથમાં શાશ્વત ગિરિરાજ શત્રુંજયનું મહાત્મ્ય શ્રી હંસરત્ન મુનિએ સુંદર શબ્દોમાં નિરૂપણ કર્યું છે. કાંકરે-કાંકરે જ્યાં અનંતા આત્માઓ સિદ્ધ થયા છે તેવા ગિરિરાજના માહાત્મ્ય સાથે તેના ઉદ્ધારો-કોણે, ક્યારે કયારે કર્યા વગેરે વર્ણન કર્યું છે. સાથોસાથ અનેક રાજાઓનું જીવન ચરિત્ર વર્ણવ્યું છે, જેઓ ગિરિરાજ ઉપર અનશન કરી મોક્ષે ગયા.

આપણે પણ તેવા ભાવોપૂર્વક ગિરિરાજની જાત્રા કરી શકીએ, તે માટે આ ગ્રંથનું મંથન કરવું આવશ્યક છે.

**૧૨. ભક્તામર સ્તોત્ર :**

વિ.સ. ૬૬૪ની સાલમાં રચાયેલો પૂ. આ. માનતુંગસૂરિ કૃત આ ગ્રંથ પરમાત્માની સ્તવના રૂપે છે. ૧-

૧ શ્લોક બોલતા ગયા અને ૧-૧ બેડી દ્વારા જેના પ્રભાવે તૂટતી ગઈ, તેવા અલૌકિક આ ગ્રંથની રચના દ્વારા અદ્‌ભૂત શાસન પ્રભાવના આચાર્ય ભગવંતે કરી હતી.

**૧૩. બૃહદ્‌સંગ્રહણી :**

ચાર ગતિ અને તેમાં રહેલા જીવોના સ્વરૂપનું વર્ણન કરતાં તે જીવોનું આયુષ્ય-શરીર-વર્ણ-અવગાહના-ગતિ-આગતિ, વિરહકાળ, લેશ્યા વગેરે અનેક દ્વારો દ્વારા વિસ્તારથી વર્ણન આ ગ્રંથમાં કર્યું છે. પૂ. આ. જિનભદ્રગણિ ક્ષમાશ્રમણે માત્ર ૩૬૭ ગાથામાં જીવતત્ત્વની વિચારણા - અનુપ્રેક્ષા કરી શકાય, તે માટે સુંદર નિરૂપણ કર્યું છે.

**૧૪. બૃહદ્ ક્ષેત્ર સમાસ :**

તિર્છાલોકના સ્વરૂપનું વર્ણન કરતો આ ગ્રંથ પાંચ અધિકારમાં પૂ. જિનભદ્રગણિ ક્ષમાશ્રમણે રચ્યો છે. જેના પ્રથમ અધિકારમાં જંબુદ્વીપ અને સૂર્ય - ચંદ્રાદિની ગતિનું વર્ણન, બીજા અધિકારમાં લવણ સમુદ્રનું વર્ણન, ૩જા અધિકારમાં ધાતકી ખંડનું વર્ણન, ૪થા અધિકારમાં કાલોદધિ સમુદ્રનું વર્ણન, ૫મા અધિકારમાં પુષ્કરાવર્ત દ્વીપ તથા પ્રકીર્ણકાધિકારમાં શાશ્વતા જિન ચૈત્યોનું વર્ણન કુલ-૬૫૫ ગાથામાં કર્યું છે.

**૧૫. પંચસૂત્ર :**

એક મિનિટ !!

ઊભા રહો !!

તમને ખબર છે ? તમને અનુભવ છે ને !

સંસાર કેવો છે ?

સંસાર એટલે જ દુ:ખ.

જેનું ફળ પણ દુ:ખ.

જ્યાં દુ:ખની વણથંભી વણઝાર ચાલે છે.

તો શું કરવું ? ક્યાં જવું !

આ જાણવા માટે તમારે આ "પંચસૂત્ર" નામના ગ્રંથરત્નને વાંચવો જ પડે ! એમાં જ મળી રહેશે.

"દુ:ખ કદી આવે નહીં,

સુખ કદી જાય નહીં" - આ અંતરની એક માત્ર ઈચ્છાનો ઉત્તર.....

**૧૬. ઉપદેશપદ**

૧૪૪૪ ગ્રંથના રચયિતા આ. હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા રચિત આ ગ્રંથ ૨ વિભાગમાં છે. જેમાં દૃષ્ટાંતપૂર્વક મનુષ્ય જીવનની દુર્લભતા, વિનય, ૪ બુદ્ધિનું સ્વરૂપ, મિથ્યાત્વ, વગેરે વિષયો તથા શુદ્ધ આજ્ઞાયોગનું મહત્ત્વ, સ્વરૂપ, તેના સ્વામી, દેવદ્રવ્યનું સ્વરૂપ તથા તેના રક્ષણનું ફળ, મહાવ્રતોનું સ્વરૂપ, ગુરુકુળવાસનું મહત્વ, યતનાનું સ્વરૂપ અને ફળ વગેરે વિષયો દૃષ્ટાંતપૂર્વક પોતાની આગવી શૈલીમાં રજૂ કર્યા છે.

**૧૭. લલિત વિસ્તરા : - કર્તા :**

મહાબુદ્ધિશાળી આત્માઓને આકર્ષે તેવો આ ગ્રંથ છે. આ ગ્રંથનું વાંચન કરતાં બૌદ્ધમતથી પ્રભાવિત થયેલા પ્રતિભાશાળી સિદ્ધર્ષિ ગણિ જૈન ધર્મમાં સ્થિર થયા હતા. આ ગ્રંથમાં છે માત્ર

ચૈત્યવંદન સૂત્રના અર્થ, પરંતુ તેમાં અરિહંતનું સ્વરૂપ, શુભાનુષ્ઠાન કરવાની રીત તથા અનેક દર્શનોની સમજ

આપી છે.

ચૈત્યવંદન કરવાની ઈચ્છાવાળાઓ આ ગ્રંથ અવશ્ય વાંચવો જ જોઈએ, પરંતુ કોઈ પણ ક્રિયાને સમજણવાળી ક્રિયા બનાવવી હોય તો શ્રદ્ધા, મેધા આદિ પદોનું જે વિવરણ કર્યું છે, તે અચૂક જોવું જોઈએ. અરિહંતની ઉપાસના કરવાની ઈચ્છાવાળાએ અરિહંતનું યથાર્થ સ્વરૂપ આ ગ્રંથ દ્વારા સમજવું જરૂરી છે. આ ગ્રંથ ઉપર ઘણી સંસ્કૃત ટીકાઓ તથા ભાષાંતરો પણ થયેલ છે. પ. પૂ. ભૂવનભાનુ સૂરીશ્વરજી મહારાજાએ પરમતેજ ભા. ૧–૨માં આનું વિશેષ વર્ણન કરેલ છે.

**૧૮. પંચાશક (પંચાસગ) :**

આચાર્ય શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાની આ કૃતિ જૈન મહારાષ્ટ્રી પ્રાકૃતમાં રચિત છે. જેમાં ૧૯ પંચાશક છે.

આ ગ્રંથમાં સમ્યકત્વના પ્રકાર, તેની યતના, અભિયોગ અને દ્દષ્ટાંતની સાથે મનુષ્યની દુર્લભતા આદિ અન્ય અન્ય વિષયોનું નિરૂપણ કરેલ છે.

સામાચારી વિષયોનો અનેકવાર ઉલ્લેખ કરેલ છે. મંડનાત્મક શૈલીમાં રચિત હોવાને કારણે આ ગ્રંથમાં ‘તુલાદંડન્યાય’નો ઉલ્લેખ પણ છે.

આવશ્યકચૂર્ણિમાં દેશવિરતિમાં જે રીતે **નવ પયપયરણમાં** નવ દ્વારોનું પ્રતિપાદન છે, તે રીતે આ ગ્રંથોમાં પણ નવ દ્વારોનો ઉલ્લેખ છે.

પંચાશક ગ્રંથરત્નમાં જૈન આચાર અને વિધિવિધાનના સંબંધમાં અનેક ગંભીર પ્રશ્નોને ઉપસ્થિત કરીને તેના સમાધાન આપેલ છે.

**૧૯. યોગશતક :**

યોગના સ્વરૂપને સમજાવવા સો ગાથા–શ્લોક પ્રમાણ આ યોગશતક ગ્રંથની રચના સૂરિપુરંદર આચાર્યશ્રી હરિભદ્રસૂરિજી મહારાજે કરેલી છે.

“મોક્ષેણ યોજનાદ્ યોગ:” “આત્માને મોક્ષ સાથે જોડી આપે એવો વ્યાપાર તે યોગ” આવો અર્થ કરી આત્માના વિકાસનું વર્ણન યોગરૂપે આ ગ્રંથમાં કરેલ છે.

આ ગ્રંથમાં નીચે મુજબના વિષયોનું વર્ણન કરેલ છે.

નિશ્ચયયોગ અને વ્યવહારયોગની વ્યાખ્યા, ચાર પ્રકારના યોગના અધિકારી જીવોનું વર્ણન,

(૧) અપુનર્બંધક (૨) અવિરત સમ્યગ્દષ્ટિ,

(3) દેશવિરતિ (૪) સર્વવિરતિધર,

તેઓનાં લક્ષણો, તેઓને યોગ્ય ઉપદેશ, અધિક સ્થાનોમાં = ઉપરના ગુણસ્થાનકોમાં પ્રવૃતિ માટે નિજસ્વભાવાલોચન, જનવાદાવગમ, ત્રિવિધયોગ શુદ્ધિની વિચારણા, ભય–રોગ–વિષના ઉપાયો, ચતુ:શરણ પ્રાપ્તિ, દુષકૃત ગર્હા–સુકૃતાનુમોદના, ભાવના–શ્રુતપાઠ, તીર્થશ્રવણ, આત્મસંપ્રેક્ષણ આદિ ઉપાયોની ચર્ચા, કર્મનું સ્વરૂપ, રાગ–દ્વેષ–મોહનું સ્વરૂપ અને તેના વિનાશ માટે પ્રતિપક્ષી ભાવનાઓની ચિંતવના, શુક્લાહારનું વર્ણન, લબ્ધિઓનું વર્ણન, સમતાભાવ એ જ મોક્ષનું અંગ છે. તેનું વર્ણન, મરણકાળને જાણવાના ઉપાયો, મૃત્યુકાળ જાણીને સર્વભાવોનો ત્યાગ કરવા પૂર્વક અનશન વિધિનું આચરણ, અંતે સંસારવિરહ તથા અદ્ભૂત શૈલિથી આ ગ્રંથમાં વર્ણવેલા છે.

આ ગ્રંથમાં આત્મ ઉત્થાનનો અદ્‌ભૂત માર્ગ બતાવ્યો છે, સંસાર ઉપર નિર્વેદ અને મોક્ષની રુચિ સ્વરૂપ સંવેગ માર્ગની જ પુષ્ટિ કરેલ છે.

રાગ–દ્વેષ અને મોહને તોડવા માટે તેના સ્વરૂપની, પરિણામની અને વિપાકની સુંદર ભાવનાઓ જણાવી, મૈત્રી આદિ ભાવનાઓનું સ્વરૂપ જણાવી આત્માર્થી આત્માઓને આ ગ્રંથ મોક્ષને સુંદર પથદર્શક થયેલ છે.

દર્શન શાસ્ત્રોની ચર્ચામાં ( ગાથા –૭૨) અલ્પ શબ્દોની અંદર મર્મયુક્ત યુક્તિઓથી એકાંતવાદોનું નિરસન કરી યથાર્થપણે જગતમાં રહેલા અનેકાંતવાદનું સુંદર અને સચોટ સ્થાપન કરેલું છે, જે જૈન દર્શન પ્રત્યેની યથાર્થ અનહદ ભક્તિ અને હાર્દિક બહુમાન આચાર્યશ્રીના હૃદયમાં રહેલાં છે, એમ પ્રદર્શિત થાય છે.

**૨૦. યોગદૃષ્ટિ સમુચ્ચય :**

યોગદૃષ્ટિ સમુચ્ચય ગ્રંથરત્ન જૈન યોગની એક મહત્વપૂર્ણ રચના કે, જેને આચાર્ય શ્રી હરિભદ્રસૂરિજી મહારાજાએ ૨૨૭ સંસ્કૃત પદ્યોમાં નિબદ્ધ કરેલ છે.

આ ગ્રંથરત્નમાં સર્વપ્રથમ યોગની ત્રણ ભૂમિકાઓનો નિર્દેશ કરેલ છે. તે આ પ્રમાણે છે.(૧) દૃષ્ટિયોગ (૨) ઈચ્છાયોગ (૩) સામર્થ્યયોગ – દૃષ્ટિયોગમાં સર્વપ્રથમ – (૧) મિત્રા (૨) તારા (૩) બલા, (૪) દીપ્રા (૫) સ્થિરા (૬) કાન્તા (૭) પ્રભા અને (૮) પરા – આ આઠ દૃષ્ટિઓનું વિસ્તૃત વર્ણન કરેલ છે.

સંસારી જીવોની અચરમાવર્તકાલીન અવસ્થાને 'ઓઘ દૃષ્ટિ' અને ચરમાવર્તકાલીન અવસ્થાને 'યોગદ્રષ્ટિ' કહેલ છે.

ત્યાર પછી ઈચ્છાયોગ, શાસ્ત્રયોગ, અને સામર્થ્ય યોગની ચર્ચા કરેલ છે.

ગ્રંથના અંતમાં આચાર્યશ્રીએ યોગ અધિકારીના સ્વરૂપમાં ગોત્રયોગી, કુલયોગી, પ્રવૃત્તચક્રયોગી અને સિદ્ધયોગી – આ ચાર પ્રકારના યોગીઓનું વર્ણન કરેલ છે.

**૨૧. ષડ્‌દર્શન સમુચ્ચય :**

યાકિનીમહત્તરા સૂનુ આ. હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા રચિત આ ગ્રંથમાં ભારતીય સંસ્કૃતિમાં પ્રસિદ્ધ છ દર્શનોની પરિભાષાને સંક્ષેપમાં રજૂ કરી છે. કોઈ પણ દર્શનના પક્ષપાત વગર દરેક દર્શનોના તત્તવને સરળ ભાષામાં રજૂ કર્યા છે. ૧. દેવતા, ૨. પદાર્થ વ્યવસ્થા, ૩. પ્રમાણ વ્યવસ્થા – આ મુખ્ય ૩ ભેદક તત્ત્વો દ્વારા છએ દર્શનની માન્યતાને રજૂ કરી છે.

**૨૨. ષોડશક પ્રકરણ :**

પૂ. આ. હરિભદ્રસૂરીશ્વરજી રચિત આ ગ્રંથ ૧૬–૧૬ ગાથાના ૧૬ પ્રકરણથી સુશોભિત છે. દરેક પ્રકરણમાં ૧ વિષયને સંપૂર્ણ ન્યયા આપવાનો પ્રયત્ન કર્યો છે. સદ્ધર્મપરીક્ષક, દેશનાની વિધિ, ધર્મનું લક્ષણ, ધર્મના લિંગો, લોકોત્તર તત્ત્વની પ્રાપ્તિ, જિનભવનકરણ, જિનબિંબકરણ, પ્રતિષ્ઠાવિધિ પૂજા, સદ્‌અનુષ્ઠાનની પ્રાપ્તિ.. વગેરે અનેક પદાર્થોનું નિરૂપણ કર્યા બાદ અંતે ઉપસંહાર કરતાં જણાવ્યું છે કે – **દરેક હિતકાંક્ષી આત્માએ ધર્મશ્રવણમાં સતત પ્રયત્ન કરવો જોઈએ.**

**૨૩. કુવલયમાળા :**

પ્રાકૃત ભાષાનાં કથા ગ્રંથોમાં આભૂષણ જેવો આ ગ્રંથ વિ.સ. ૮૩૫ માં શ્રી ઉદ્યોતન સૂરિજી મહારાજાએ

લગભગ ૧૩૦૦૦ શ્લોકપ્રમાણનો બનાવ્યો છે.

આ કથામાં ક્રોધાદિ છ આંતરશત્રુઓનો વિસ્તારથી પરિચય કરાવવામાં આવ્યો છે. સાથો સાથ....

આ કથા કાવ્યનાં રસિકોને જાતજાતનાં વર્ણનોથી અને પ્રહેલીકાઓ(ઉખાણાઓ)થી આનંદિત કરે છે, કથાના અનુરાગીઓને રસપ્રદ કથા અર્પે છે, ભાષા વિશારદોને પાઈય–અપભ્રંશ–દ્રાવીડી–પૈશાચીઆદિ ભાષાઓની પણ ઝાંખી કરાવે છે, સાચા સાધુ જીવનનું દિગ્દર્શન કરાવે છે.

**૨૪. ઉપમિતિ ભવપ્રપંચા કથા–સંવત ૧૨૦૦ કર્તા: સિદ્ધર્ષિ ગણિ**

બાહ્ય અને અંતરંગ એવા જગતના બે પ્રકારો છે. બાહ્ય જગત સૌ કોઈ જુએ છે અને જાણે છે, અંતરંગ જગત પોતાની પાસે છે, છતાં તેને જોવાનું અને જાણવાનું કાર્ય લગભગ લોકો કરતાં નથી. અંતરંગ દુનિયામાં શું છે ? કેવા પ્રકારનાં ભાવો આ જગતમાં થાય છે. ક્રોધાદિના ભાવથી આત્મા કેવી રીતે દુઃખી થાય છે અને ક્ષમાદિ સાથેના સગપણથી આત્મા કેવી રીતે સુખી થાય છે. આવી તમામ વાતો કથાના માધ્યમે જે રીતે સિદ્ધર્ષિ ગણિએ મૂકી છે, તે પ્રાયઃ ક્યાંય જોવા મળતી નથી. અનાદિકાળથી સાથે રહેલા આત્માના ભાવોને જાણવા અને માણવા આ ગ્રંથનું વાંચન અત્યંત જરૂરી છે.

**૨૫. સંવેગરંગશાળા :**

ગ્રંથકર્તા આ. જિનચંદ્રસૂરિ મહારાજે આ ગ્રંથમાં સંવેગનો મહિમા મૂળ ૪ દ્વાર અને પેટા ૩૭ દ્વાર દ્વારા ગાયો છે. સંવેગઈમોક્ષની તીવ્ર ઈચ્છા અને તેની રંગશાળા= નાટ્યભૂમિ અલગ અલગ મુદ્દાઓ દ્વારા સાધકનો સંવેગ કઈ રીતે તીવ્ર બને અને વૈરાગ્ય ભાવ જાજ્વલ્યમાન બને તેની કાળજી આ ગ્રંથમાં રાખવામાં આવી છે.

**૨૬. ધર્મરત્ન પ્રકરણ :**

ત્રણ ભાગમાં વહેંચાયેલા આ ગ્રંથમાં ધર્મરૂપી રત્નનું માર્મિક વિવેચન કર્યું છે. ધર્મ કહેવાય કોને ? ધર્મને યોગ્ય વ્યક્તિના ૨૧ ગુણો કયા ? ભાવશ્રાવકના ક્રિયાગત તથા ભાવગત ગુણો કયા ? ભાવસાધુના લિંગો કયા? વગેરે વર્ણન રોચક શૈલીમાં કથાના માધ્યમે વાદિવેતાળ શાંતિસૂરિ મહારાજે આ ગ્રંથમાં કરેલ છે.

**૨૭. સિદ્ધહેમ શબ્દાનુશાસન પંચાંગી :**

સિદ્ધરાજ જયસિંહની વિનંતીને માન આપી કલિકાલ સર્વજ્ઞ આ. હેમચંદ્રસૂરિ મહારાજે તે કાળના અનેક વ્યાકરણોનો અભ્યાસ કરી સંપૂર્ણતા સ્વરૂપે આ વ્યાકરણની રચના કરી છે. સંપૂર્ણ સંસ્કૃત ભાષાનો સમાવેશ સરળ સૂત્રોમાં કરેલ છે. જે ઉપર સ્વોપજ્ઞ રહસ્યવૃત્તિ, લઘુવૃત્તિ, મધ્યમવૃત્તિ, બૃહદ્‌વૃત્તિ, બૃહન્ન્યાસ રચેલ છે. ઉપરાંત, કાવ્યાનુશાસન, છંદાનુશાસન, અલંકારાનુશાસન અને ન્યાયાનુશાસન રચી વ્યાકરણ પંચાગીને પરિપૂર્ણ બનાવેલ છે. જે વ્યાકરણનો ૭૨ વર્ષની ઉંમરે કુમારપાળ મહારાજે અભ્યાસ કર્યો હતો.

**૨૯. યોગશાસ્ત્ર :**

કલિકાલ સર્વજ્ઞ આ. ભ. હેમચન્દ્ર સૂરિ. મ. રચિત આ ગ્રંથ ૧૨ પ્રકાશ (વિભાગ) માં વહેંચાયેલો છે. જેના મૂળ શ્લોક – ૧૦૦૯ તથા ટીકા (વિવરણ) સહિત ૧૨૦૦૦ શ્લોકપ્રમાણ છે.

જો તમારે યોગનાં મર્મને પામવું હોય, આત્મિક ગુણોનો વિકાસ કરવો હોય, આરાધનાનો સરળ માર્ગ મેળવવો હોય, સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવું હોય, વૈરાગ્યને કેળવવો હોય, સંસારનું સ્વરૂપ સમજવું હોય, કષાયોને

જીતવા હોય, ઈન્દ્રિયોને વશ કરવી હોય, મન ઉપર નિયંત્રણ મેળવવું હોય, મમત્વનો ત્યાગ કરી સમત્વને પામવું હોય, ધ્યાન કરવા માટેના ગુણો મેળવીને ધર્મ-શુક્લ ધ્યાનમાં આરૂઢ થવું હોય, તો આ ગ્રંથ અવશ્ય વાંચવો.

**૩૦. ત્રિષષ્ટિશલાકાપુરુષ ચરિત્ર મહાકાવ્ય :**

કુમારપાળ મહારાજાની વિનંતીને ખ્યાલમાં રાખી રચના કરેલ ૩૬૦૦૦ શ્લોક પ્રમાણ એવા આ મહાકાવ્યમાં કાલિકાલ સર્વજ્ઞશ્રી એ ૨૪ તીર્થંકર, ૧૨ ચક્રવર્તી, ૯ વાસુદેવ, ૯ પ્રતિવાસુદેવ, ૯ બળદેવ વગેરે ઉત્તમ ૬૩ પુરુષોનું જીવન ચરિત્ર સમ્યક્ત્વ પ્રાપ્તિ થનાર ભવથી માંડીને કરેલ છે. જે ગ્રંથ કાવ્યની, સાહિત્યની, ઈતિહાસની, ઉપમાઓની, કથાગ્રંથની તથા વૈરાગ્યની આદિ અનેક અપેક્ષાએ શિરમોર સ્થાન ધરાવે છે. જેમાં રામાયણ તથા મહાભારતનું પણ સુંદર નિરુપણ કરવમાં આવ્યું છે.

**૩૧. અભિધાન ચિંતામણિ કોશ :**

કલિકાલસર્વજ્ઞ આ. હેમચંદ્રસૂરીશ્વરજી મ. રચિત આ સંસ્કૃત ગ્રંથમાં ૧૫૪૨ શ્લોકો છે.

સંસ્કૃત શબ્દોનો ભંડોળ જેમાં રહેલો છે, અને સંસ્કૃત વાંચન શિક્ષણમાં જેના શબ્દોનો ઉપયોગ થાય છે, તેવા દેવાધિદેવ, દેવ, મર્ત્ય, તિર્યંચ, નારક અને સામાન્ય નામના ૬ કાંડમાં નામ પ્રમાણે સંબંધ ધરાવતા શબ્દવૈભવથી આ ગ્રંથ સંસ્કૃતમાં ટીકાસહિત સુસમૃદ્ધ કરવામાં આવ્યો છે.

**૩૨. પરિશિષ્ટ પર્વ :**

૧૦ પર્વમાં ૬૩ ઉત્તમ પુરુષોના જીવન ચરિત્રનું વર્ણન કર્યા બાદ કલિકાલ સર્વજ્ઞશ્રીજીએ આ પરિશિષ્ટ પર્વના ૧૩ સર્ગ(અધ્યાય)માં જંબૂસ્વામિજી, પ્રભવસ્વામિજી, શય્યંભવસ્વામિજી, યશોભદ્રસૂરિ, ભદ્રબાહુસ્વામિજી, સ્થૂલિભદ્રસ્વામિજી વગેરે થી માંડી વજસ્વામિજી સુધી મહાપુરુષોનું જીવન કવન તથા તે પછી તેના વંશ વિસ્તારનું વર્ણન કાવ્યાત્મક શૈલીએ - સરળ ભાષામાં કથા રૂપે કર્યું છે.

**૩૩. પ્રવચન સારોદ્ધાર :**

નામ તેવા ગુણ ધરાવતા આ ગ્રંથમાં પ્રવચન=જૈનશાસન તેના સારનો ઉલ્લેખ આ. નેમિચંદ્રસૂરિ મહારાજે કરેલ છે.

જેમાં ચૈત્યવંદન, અરિહંત પરમાત્મા, મુનિ ભગવંત, પાંચ પ્રકારના ચૈત્યો વગેરે પદાર્થો ભિન્ન ભિન્ન દ્વારોમાં રજૂ કર્યા છે તથા પ્રાયશ્ચિત-સામાચારી-જાત-અજાત કલ્પ-દીક્ષા યોગ્ય-અયોગ્ય-સંલેખના-ભાષાના પ્રકાર-નવતત્ત્વો-૨૪, ધાન્ય-૧૭, મરણ-૪ પ્રકારના દેવો-૩૬૩ પાખંડી -૮ પ્રમાદ-કર્મસ્થિતિ-૧૪ ગુણસ્થાનકો વગેરે અનેક વિષયોનું સંકલન કરેલ છે.

**૩૪. ૧ થી ૫ કર્મગ્રંથ :**

પૂ. આ. દેવેન્દ્રસૂરિજી રચિત આ ગ્રંથમાં કર્મસિદ્ધાંતોનો સમાવેશ સંક્ષેપમાં કરવામાં આવ્યો છે. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, આયુષ્ય, નામ, ગોત્ર અને અંતરાય સ્વરૂપ ૮ કર્મના ફળો, તેની ઉત્તર પ્રકૃતિ, તેના બંધના કારણો, તેના બંધ-ઉદય-ઉદીરણા-સત્તા-માર્ગણાને આશ્રયી બંધસ્વામિત્વ, કઈ પ્રકૃતિ ધ્રુવબંધી, અધ્રુવબંધી વગેરે વર્ણન અહીં કરવામાં આવ્યું છે.

**૩૫. વીતરાગ સ્તોત્ર :**

કલિકાલ સર્વજ્ઞ રચિત તથા કુમારપાળ મહારાજા દ્વારા રોજ પરાવર્તન કરાતો આ ગ્રંથ ૨૦ પ્રકાશમાં વિભક્ત છે. પરમાત્માનું સ્વરૂપ શુ ? તેમના અતિશયો કેવા ? વગેરે કહેવા દ્વારા અદ્‌ભૂત શબ્દોમાં અલૌકિક વાતો રજૂ કરી છે. દરેક પ્રકાશમાં ભિન્ન ભિન્ન પદાર્થ ખ્યાલમાં રાખી પરમાત્માની સ્તવના કરી છે.

પરમાત્માના "દેવતત્ત્વનું સ્વરૂપ મને ખ્યાલ નથી," આવુ બોલનારે દેવ તત્ત્વનું સ્વરૂપ સંવેદિત કરવા આ ગ્રંથ અવશ્ય મુખપાઠ કરવો જોઈએ.

**૩૬. આચારદિનકર :**

આ. વર્ધમાનસૂરિ રચિત આ ગ્રંથ ૨ વિભાગમાં વહેંચાયેલો છે. જેના પ્રથમ વિભાગમાં શ્રાવક યોગ્ય ૧૬ સંસ્કારનું વર્ણન કરવામાં આવ્યું છે અને બીજા વિભાગમાં યતિ આચારાન્તર્ગત યોગ-પદવી-વ્યાખ્યાન-સંલેખના તથા પ્રતિષ્ઠા સંબંધી વિધિઓ-પૂજનો-વિદ્યાદેવી-લોકાંતિક દેવો-ઈન્દ્રો-યક્ષો વગેરેનું વર્ણન તથા છેલ્લે પ્રાયશ્ચિતવિધિનું વર્ણન પણ કરવામાં આવ્યું છે.

**૩૭. પિંડવિશુદ્ધિ પ્રકરણ :**

પિંડ=સાધુની ભિક્ષા. તેની વિશુદ્ધિ ક્યારે? ગોચરી જો ૪૨ દોષરહિત ગ્રહણ કરવામાં આવે અને ૫ દોષરહિત વાપરવામાં આવે તે માટે તેનું સ્વરૂપ વર્ણન કરતા આ ગ્રંથમાં ૧૬ ઉદ્‌ગમના, ૧૬ ઉત્પાદનના, ૧૦ ગ્રહણૈષણાના તથા ૫ ગ્રાસૈષણાના દોષો જણાવ્યા છે. કયા દોષો વિશોધિ કોટીના અને કયા દોષો અવિશોધિ કોટીના? કયા ૬ કારણે આહાર સાધુએ ગ્રહણ કરવાનો? વગેરે પિંડ સંબંધી બાબતો પણ આ ગ્રંથમાં જણાવવામાં આવી છે.

**૩૮. ગુણસ્થાનક ક્રમારોહ :**

આ. રત્નશેખરસૂરિ મ. જે આ ગ્રંથના ૧૩૬ શ્લોકમાં આત્માના વિકાસ ક્રમના ગુણસ્થાનક કહ્યા છે. ૮ કર્મની ૧૫૮ ઉત્તર પ્રકૃતિનો બંધ-ઉદય-ઉદીરણા-સત્તા વગેરેની વધઘટ ક્યારે, કેવી રીતે થાય અને તેનો આત્માને કેવો અનુભવ થાય ? કયા કર્મના ક્ષય વગેરેથી આત્મા કયા કયા ગુણસ્થાનકને પામે છે. વગેરે કર્મના ગૂઢ રહસ્યોને સરળ શૈલીથી નાના ગ્રંથમાં સમાવવાનો પ્રયત્ન કર્યો છે.

**૩૯. યોગસાર :**

આ ગ્રંથના પાંચ પ્રસ્તાવ અનુક્રમે (૧) યથાવસ્થિત દેવસ્વરૂપોપદેશક (૨) તત્ત્વસારોપદેશક (૩)સામ્યોપદેશક (૪) સત્ત્વોપદેશક (૫) ભાવશુદ્ધિજનક છે. વીતરાગનું ધ્યાન કરવાથી આત્મા વીતરાગ બની જાય છે. કષાયના નિગ્રહનો ઉપાય, મૈત્ર્યાદિ ભાવનાનું સ્વરૂપ, તત્ત્વનું ઉન્મીલન એ જ સર્વસ્વ છે; સમતાની શ્રેષ્ઠતા, સત્યનું મહત્વ. પરમપદનું ઉત્તમ સાધન ભાવશુદ્ધિ વગેરે અનેક બાબતો સરળ સંસ્કૃત ભાષામાં રજૂ કરેલ છે. આ ગ્રંથના કર્તા કોઈ પ્રાચીન મહાપુરુષ હશે તેમ જણાય છે.

**૪૦. વૈરાગ્યશતક :**

અજ્ઞાતકર્તૃક એવા આ ગ્રંથમાં ૧૦૪ ગાથામાં વૈરાગ્યનું સુંદર નિરૂપણ કર્યું છે. આજ સુધીના અનાદિ ભૂતકાળમાં જીવે નિગોદ વગેરેમાં અનંતો કાળ દુ:ખમાં જ પસાર કર્યો છે, ચારે ગતિમાં, ૮૪ લાખ યોનિમાં દુ:ખ

સિવાય કાંઈ સહન કર્યું જ નથી. વ્યાધિ અને વેદનાથી ભરપૂર અસાર એવા સંસારમાં સુખ નથી, છતાં આજે-કાલે પરમ દિવસે... સુખ મળશે. એ આશાથી જીવ રખડયા જ કરે છે વગેરે વિષયો દ્વારા વીતરાગભાવ પેદા કરતા આ ગ્રંથ સાર્થ કંઠસ્થ કરવા યોગ્ય છે.

**૪૧. ભરતેશ્વર બાહુબલીવૃત્તિ :**

પ્રાતઃપ્રતિક્રમણમાં બોલાતી "ભરહેસર બાહુબલી.." સજ્ઝાયમાં યાદ કરવામાં આવતા મહાપુરુષો અને મહાસતીઓના કથાનકોને આ ગ્રંથમાં પૂ. શુભશીલગણિએ વિસ્તારથી રજૂ કર્યા છે. જે વાંચતા તે મહાપુરુષ કે મહાસતી કેમ કહેવાયા ? અને આપણે રોજ સવારે તેઓને યાદ શા માટે કરીએ છીએ ? તે પ્રશ્નોનો જવાબ આપણને મળ્યા વગર નહીં રહે.

**૪૨. શાંતસુધારસ :**

મહોપાધ્યાય વિનયવિજયજી મહારાજાએ રચેલા આ ગ્રંથમાં જણાવેલી અનિત્યાદિ ૧૨ ભાવના તથા મૈત્રી આદિ ૪ ભાવનાઓનું ચિંતન અને મનન તમને એક નવી જ દ્રષ્ટિનું અર્પણ કરશે. વિકાર-વાસનાથી દૂર કરશે, જગતની વાસ્તવિકતા સમજાવશે. માધ્યસ્થ વૃત્તિને કેવળી લાવશે, તૃપ્તિની અનુભૂતિ કરાવશે, દુઃખમાં પણ ટકી રહેવાનું બળ આપશે. અનેક જીવનાં સુખ-દુઃખનો બોધ કરાવશે, દરેક વસ્તુ અને વ્યક્તિની અરુચિને દૂર કરશે. દરેક જીવ સાથે મિત્રતાનો ભાવ પેદા કરશે, એક જ પદાર્થને અનેક દૃષ્ટિકોણોથી જોવા માટેની દૃષ્ટિ આપશે, આવા તો અનેક લાભ આ ગ્રંથ દ્વારા થશે. આ ગ્રંથનું ભાષાંતર ગુજરાતીમાં થયેલ છે.

**૪૩. ધર્મસંગ્રહ :**

આ ગ્રંથ ચાર વિભાગમાં પથરાયેલો છે. ધર્મને સમજવા માટે સુંદર પ્રકારનો છે.

**પ્રથમ વિભાગ :** ધર્મનું સ્વરૂપ શું ? સામાન્ય ધર્મ શું? દેશનાનું સ્વરૂપ શું ? ધર્મ પામવા માટે જીવની યોગ્યતા શું ? વગેરે બાબતો

**બીજો વિભાગ :** સમ્યક્ત્વનું સ્વરૂપ તથા પ્રકારો કયા ? મિથ્યાત્વના ભેદો કેટલા ? ૧૨ વ્રતો તથા તેના અતિચારો કેટલા ? શ્રાવકની દિનચર્યા કેવી હોવી જોઈએ? શ્રાદ્ધકૃત્યો કયા ? વગેરે બાબતો

**ત્રીજો વિભાગ :** દીક્ષા માટે યોગ્યતારૂપ ગુણો-અયોગ્ય રૂપ દોષો-ગુરુની યોગ્યતા-સાપેક્ષ યતિધર્મનું વગેરેનું વર્ણન

**ચોથો વિભાગ :** નિરપેક્ષ યતિધર્મનું વર્ણન પૂ. ઉપા. માનવિજયજી મહારાજે કરેલ છે. સરળ ભાષા અને દ્વિવિધ ધર્મનું સ્વરૂપ જાણવા વાંચો આ ગ્રંથને........

**૪૪. દ્રવ્યસપ્તતિકા :**

મહોપાધ્યાય યશોવિજયજી મહારાજાએ 'ધર્મસંગ્રહ'ની પ્રશસ્તિમાં જેમનું વિશિષ્ટ વર્ણન કર્યું છે, તેવા વાચકવર્ય લાવણ્યવિજયજી ગણીએ સપ્તક્ષેત્રોના દ્રવ્યોની સુંદર વ્યવસ્થા આ ગ્રંથમાં બતાવી છે. દેવદ્રવ્યની વિશિષ્ટ પ્રરૂપણા સાથે તેનો ભૂલથી ભોગ કરનારનું અધઃપતન દૃષ્ટાંતપૂર્વક જણાવ્યું છે. અંતે આલોચના આપનારના તથા લેનારના ગુણો, આલોચનાનું સ્વરુપ વગેરે વિષયો દ્વારા આલોચનાનું સુંદર સ્વરૂપ જણાવેલ છે.

ખરેખર, ધર્મક્ષેત્રોનો જેને વહીવટ કરવો હોય તેણે આ ગ્રંથ અવશ્ય વાંચવો જોઈએ.

**૪૫. હીર પ્રશ્નોત્તર :**

જગદ્‌ગુરુ હીરસૂરીશ્વરજી મહારાજા કે જેમણે અકબર રાજાને પ્રતિબોધ્યા હતા, તેમને જીવનકાળ દરમ્યાન જે જે સાધુએ-સંઘે પ્રશ્નો પુછ્યા હતા, તેનું સંકલન આ ગ્રંથમાં કરવામાં આવ્યું છે. લગભગ કોઈ વિષય બાકી ન હોય કે જેનો પ્રશ્ન પુછાયો ન હોય અને જેના ઉત્તરો આચાર્ય ભગવંતે શાસ્ત્ર મુજબ આપ્યા ન હોય. જેમાં સાધુ-શ્રાવક સામાચારી, ઉપધાન, પ્રતિક્રમણ, નીવિ, જયોતિષ, આગમ આદિ અનેક વિષયોના પ્રશ્નોનો સમાવેશ થયેલ છે.

**૪૬. સેનપ્રશ્ન :**

જગદ્‌ગુરુ હીરસૂરિ મ.સા. ના પટ્ટપ્રભાવક આ. સેનસૂરીશ્વરજી મહારાજાના જીવનમાં ૭૧ સાધુઓએ પૂછેલ ૮૪૬ પ્રશ્નો તથા ૨૮ સંઘોએ પૂછેલ ૧૭૧ પ્રશ્નોના ઉત્તરોનું સંકલન આ ગ્રંથમાં કરવામાં આવેલ છે. જેમાં વિધિવિધાન-ઉપધાન-દ્રવ્ય-વહીવટ વગેરે અનેક વિષયોના પ્રશ્નોના ઉત્તરો આપવામાં આવેલ છે.

**૪૭. અધ્યાત્મ મત પરીક્ષા :**

'લઘુ હરિભદ્રસૂરિ'તરીકે પંકાયેલા મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજા વિરચિત **"અધ્યાત્મ મત પરીક્ષા"** ગ્રંથરત્નની રચના વિક્રમના ૧૭માં સૈકામાં થયેલી છે.

આ ગ્રંથરત્નમાં આધ્યાત્મિકમત તરીકે પ્રસિદ્ધ એવા મતની પરીક્ષા કરવામાં આવેલ છે અને તે આધ્યાત્મિકો માત્ર નામથી જ આધ્યાત્મિક છે, વાસ્તવિક આધ્યાત્મિક નથી, એ બતાવીને પારમાર્થિક આધ્યાત્મિક શું છે એ સાંભળવા જેઓ ઉત્સાહિત થયા છે, તેવા અધ્યાત્મ ગવેષક જીવોને ઉદ્દેશીને અનેકવિધ શાસ્ત્રપાઠો-સચોટ સુંદર યુક્તિઓ પૂર્વક આ ગ્રંથરત્નનું નિર્માણ શ્રીમદ્ ઉપાધ્યાયજી મહારાજાએ ૧૮૪ ગાથામાં કરેલ છે. અને તેના ઉપર સ્વોપજ્ઞ ટીકા રચેલી છે.

(૧) વસ્ત્રને અધ્યાત્મમાં બાધક કહેનાર દિગંબરમત તથા બાહ્યક્રિયાને અધ્યાત્મ મતમાં બાધક કહેનાર આધ્યાત્મિકમતનું ખંડન

(૨) કેવલી ભુક્તિ વિચાર

(3) સિદ્ધમાં ચારિત્ર-અચારિત્રની વિચારણા

(૪) સ્ત્રી મુક્તિવાદ

ગ્રંથકારશ્રી એ આ ગ્રંથરત્નમાં અધ્યાત્મના પરમ રહસ્યને બતાવતાં કહ્યું છે કે –

**"સંયમયોગોમાં અપ્રમત્તપણે યત્ન કરવો એ જ અધ્યાત્મનું પરમ રહસ્ય છે, એ જ ભગવાનની આજ્ઞા છે."**

**૪૮. અધ્યાત્મસાર :**

કર્મરૂપી વાદળાથી ઢંકાયેલા ભવ્ય જીવો અધ્યાત્મસેવારૂપી પવનથી તે વાદળાને દૂર કરી આત્મિક તેજનો અનુભવ કરી શકે છે. આ મુદ્દાથી ગ્રંથકારે ૧૩૦૦ શ્લોકપ્રમાણ આ ગ્રંથની રચના કરી છે.

અધ્યાત્મનું મહત્વ બતાવવાથી માંડી આત્મનિશ્ચય થાય ત્યાં સુધી સંપૂર્ણ વિકાસક્રમ બતાવ્યો છે. સરળ

ભાષામાં ઊંડામાં ઊંડુ તત્ત્વજ્ઞાન આપનાર આ ગ્રંથ વાંચન-ચિંતન-મનન દ્વારા "મોક્ષે ચિત્તં ભવે તનુઃ"ની ભૂમિકા લાવી આપનાર છે.

**૪૯. જ્ઞાનસાર :**

મહામહોપાધ્યાય કૃત આ ગ્રંથ તે તે વિષયોના સારરૂપ ૮-૮ ગાથા સ્વરૂપ ૩૨ અષ્ટકમાં રજૂ કરેલ છે. જ્ઞાનનો સાર શું? તેનું ક્રમિક અદ્‌ભુત વર્ણન આ ગ્રંથમાં કરાયું છે. મુનિના સ્વરૂપને જાણવા તથા મુનિમાર્ગમાં ટકી રહેવા અત્યંત ઉપયોગી આ ગ્રંથ છે.

મુનિમાર્ગમાં અરતિ ઉત્પન્ન થતા કોઈ પણ એક અષ્ટક અર્થપૂર્વક કરજો, પરિણામ તમારી આંખ સામે દેખાશે, મુનિપણું નિર્મળ બનશે.

jainuniversity.org

**૫૦. વૈરાગ્યકલ્પલતા :**

પાંચ સ્તબકમાં રચાયેલ આ ગ્રંથ મહોપાધ્યાયજીની અદ્‌ભૂત કૃતિ છે. જેમાં વૈરાગ્યનું મહત્વ સમજાવવા કથાનકનો આશરો લેવામાં આવ્યો છે. દ્રમક નામના પાત્ર દ્વારા સંસાર પરિભ્રમણનું અદ્‌ભૂત વર્ણન છે. વૈરાગ્ય-ધર્મકથાનું માહાત્મ્ય, ધર્મનો તારૂણ્યકાળ, ધર્મબીજ નું સ્વરૂપ,  ગુરુનું માહાત્મય, મોહની સેના અને ધર્મરાજાની સેનાનું સ્વરૂપ, ધર્મરાજા સદ્‌બોધ મંત્રીનો સંવાદ, સમાધિનું સ્વરૂપ, ૧૭ પ્રકારના સંયમનું સ્વરૂપ વગેરે વિષયો કથાનક દ્વારા વર્ણવાયા છે.

**૫૧. અધ્યાત્મોપનિષદ્:**

અનુષ્ટુપ છંદમાં સંસ્કૃત ૨૩૧ શ્લોકપ્રમાણ ગ્રંથ છે. ઉપનિષદ્=સાર એટલે કે અધ્યાત્મનો સાર. જેને કર્તાએ - ૧. શાસ્ત્રયોગ શુદ્ધિ અધિકાર, ૨. જ્ઞાનયોગાધિકાર, ૩. ક્રિયાધિકાર અને ૪. સામ્યાધિકાર - સ્વરૂપ ચાર અધિકારમાં વર્ણવ્યો છે. અધ્યાત્મ એટલે શું? - તેને લાયક જીવો કેવા ? પ્રતિભાજ્ઞાન એટલે શું? ચિત્તશુદ્ધિના સાધનો કયા ?  નિર્મળતાનું કારણ કઈ ક્રિયા બને? સમતાના લાભ કેવા ? વગેરે અનેક બાબતો સવિસ્તર આ ગ્રંથમાં વર્ણવવામાં આવી છે.

**૫૨. જ્ઞાનબિંદુ:**

આ ગ્રંથનુ પ્રમાણ ૧૨૫૦ શ્લોકનું છે. જ્ઞાન એટલે શું?, જ્ઞાનના ભેદ કેટલા? દરેક જ્ઞાનનું સ્વરૂપ શું?, ભિન્નતા કયા કારણે? સમ્યકત્વને લઈને જ જ્ઞાનને પ્રમાણ તરીકે ગણી શકાય વગેરે અનેક બાબતો નયસાપેક્ષપણે સૂક્ષ્મવિચારશ્રેણીથી વર્ણવી છે. છેવટે મલ્લવાદિ શ્રી સિદ્ધસેન દિવાકર સૂ. મ. તથા જિનભદ્રગણિજીના કેવલજ્ઞાન-દર્શન અને તેના ઉપયોગની બાબતમાં વિચારો જણાવી સંમતિતર્કની તે વિષયની ગાથાઓનું સ્પષ્ટ વિવેચન દર્શાવી નયવાદની અપેક્ષાએ તેનું એકીકરણ બતાવ્યું છે.

**૫૩. દેવધર્મ પરીક્ષા :**

દેવો સ્વર્ગમાં પ્રભુપ્રતિમાંની પૂજા કરે છે. પ્રતિમા નહિ માનનારા સ્થાનકમાર્ગી લોકો તે દેવોને અધર્મી કહે છે. આ વાત ખોટી છે એમ સાબિત કરનારો આ ગ્રંથ છે. ૨૭ મુદ્દાઓ લક્ષમાં રાખીને ગ્રંથકાર મહર્ષિએ મૂળ ૪૨૫ શ્લોક પ્રમાણ આ ગ્રંથની રચના કરી છે. તે મુદ્દાઓ વિશેષે જાણવા યોગ્ય છે.

**૫૪. આરાધક - વિરાધક ચતુર્ભંગી :**

ન્યાયાચાર્ય-ન્યાયવિશારદ-મહામહોપાધ્યાયશ્રી યશોવિજયજી મહારાજા રચિત્ સ્વોપજ્ઞવૃત્તિ સહિતનો એક શબ્દથી સંક્ષિપ્ત પણ અર્થથી મહાન એટલે "આરાધક વિરાધક ચતુર્ભંગી" ગ્રંથ.

આગમ ગ્રંથોમાં પાંચમું અંગ શ્રી ભગવતી સુત્ર છે, તે ભગવતી સૂત્રના અષ્ટમ શતકના દશમા ઉદ્દેશમાં ચાર ભાંગાઓ દ્વારા ચાર પ્રકારના જીવોનો વિભાગ કરેલ છે. આ ચાર ભાંગામાં સંસારવર્તી તમામ જીવોનો સંગ્રહ કરેલ છે.

(૧) દેશ આરાધક : દ્રવ્યથી શીલનું પાલન જેઓ કરે છે તે.

(૨) દેશ વિરાધક : જેમનામાં ભાવશ્રુત છે, પણ ભાવશીલ નથી તે.

(૩) સર્વ આરાધક : જેમનામાં ભાવશ્રુત અને ભાવશીલ બંને છે તે.

(૪) સર્વ વિરાધક : જેમનામાં ભાવશ્રુત નથી અને ભાવશીલ પણ નથી તે.

આ ગ્રંથના વાંચનથી મારો આત્મા સુવિહિત મુનિની જેમ **સર્વ આરાધક** છે કે **સંવિજ્ઞ પાક્ષિક** કે **સમ્યગ્દષ્ટિ** જેવો દેશ વિરાધક છે કે **અપુનર્બંધક કક્ષાને** પામેલો **દેશઆરાધક** છે. કે મિથ્યાત્વની નિહ્નવાદિ જીવો **સર્વ વિરાધક છે.** પોતાની કઈ ભૂમિકા છે તેનો નિર્ણય થવાથી પોતાની જે ભૂમિકા છે તેનાથી ઉચ્ચ ભૂમિકાને પામવા સતત પ્રયત્નશીલ અને કટિબદ્ધ બનીએ.....

**૫૫. યોગવિંશિકાવૃત્તિ :**

'વિંશતિ વિંશિકા' નામના ગ્રંથમાં ૨૦ વિંશિકા પૈકીની ૧૭મી યોગનામની વિંશિકાની ટીકા જે. ઉપલબ્ધ છે. જેની ટીકામાં ઉપાધ્યાયજી મહારાજે યોગની ભૂમિકા વિસ્તારથી વર્ણવી છે. સૌ પ્રથમ યોગ એટલે શું? મોક્ષ સાથે જે ક્રિયા જોડાણ કરી આપે તેનું નામ યોગ. જેમાં મુખ્યપણે સાધુજીવનની ક્રિયાઓને યોગો, પ્રીતિ વગેરે અનુષ્ઠાનો, ઈચ્છાદિ ચાર યોગો આદિ અનેક સ્વરૂપે યોગનું વર્ણન કર્યું છે. જે સાધકને જે પ્રકારે યોગ પામવાની ભાવના હોય તે સાધક તેનું અવલંબન લઈને મોક્ષ સુધી પહોંચી શકે છે.

**૫૬. નયરહસ્ય :**

આ ગ્રંથમાં વિસ્તારથી નૈગમાદિ સાત નયોનું સ્વરૂપ જણાવ્યું છે.

નયનું લક્ષણ, તેના પર્યાયો, તેને માનવાની જરૂરિયાત, નયોમાં માંહોમાંહે અવિરોધ, પૂજ્યશ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ ઋજુસૂત્રને દ્રવ્યાર્થિકનો અને શ્રી સિદ્ધસેનદિવાકર પર્યાયાર્થિક ભેદ માને છે – આ બંને વિચારનું સ્પષ્ટીકરણ, દરેક નયમાંથી કયા કયા દર્શનની ઉત્પત્તિ થઈ ? તેનું સ્વરૂપ શું? દરેક નયની પરસ્પર સાપેક્ષતા કઈ રીતે ઘટે? સ્પતભંગીનું સ્વરૂપ શું? વગેરે બીના જણાવી છે.

**૫૭. શ્રીપાળ રાજાનો રાસ :**

દુહામાં રચાયેલ આ ગ્રંથની રચના ઉ. વિનયવિજયજી મહારાજે કરેલ પણ જીવનનો અંત આવવાથી બાકીની રચના મહો. યશોવિજયજી મહારાજે કરેલ છે. જેમાં નવપદના રહસ્ય સાથે નવપદના ઉપાસકો શ્રીપાળ–મયણાનું જીવન ચારિત્ર વિસ્તારથી જણાવેલ છે. આ ગ્રંથ લગભગ દર શાશ્વતી ઓળીમાં સંઘમાં વંચાય છે.

**૫૮. સમ્યક્ત્વ શલ્યોદ્ધાર :**

મુખ્યપણે સ્થાનકવાસી મતના ખંડન માટે રચાયેલા આ ગ્રંથમાં પૂ. આ. શ્રી વિ. આત્મારામજી મહારાજે ઢુંઢક મતની સમીક્ષા ઉપરાંત આર્યક્ષેત્રની મર્યાદા, પ્રતિમા સ્થિતિનો અધિકાર, મુહપતિ બાંધવાથી દોષ, શત્રુંજય શાશ્વત છે, ચાર નિક્ષેપે અરિહંતની વંદનીયતા, જિનપૂજાની સ્થાપના વગેરે અનેક દલીલો દ્વારા મૂર્તિપૂજક શ્વેતાંબર મતની સ્થાપના કરી છે.

**૫૯. અભક્ષ્ય અનંતકાય વિચાર:**

આ ગ્રંથના ૧૧ પ્રકરણમાં અભક્ષ્ય કોને કહેવાય? અને અનંતકાય કોને કહેવાય ? તેનું સ્વરૂપ શું? તેની સમજપૂર્વક સચિત્ત-અચિત્તની સમજ, ઘરમાં પાળવા યોગ્ય નિયમો વગેરે વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

jainuniversity.org

**૬૦. મહાવીર ચરિયં :**

કોઈપણ જીવના ભવની ગણતરી તે જીવ સમ્યક્ત્વ પામે ત્યારથી જ થાય છે. તે રીતે પૂર્વના ૨૭મા ભવમાં સમકિત પામ્યા ત્યારથી અંતિમ ભવ સુધીનું પરમાત્મા મહાવીરસ્વામીનું ભાવવાહી જીવન ચરિત્ર આ ગ્રંથમાં રજૂ કર્યું છે. દરેકે દરેક ભવમાં પરમાત્માના જીવની મનોદશા, ભાવધારા, ઔચિત્ય, વિવેક વગેરે વર્ણન આ. ગુણચંદ્ર ગણિવરે પ્રાકૃત ભાષામાં આ ગ્રંથમાં રજૂ કર્યું છે.

કહેવાય છે કે વિષનું એક બિંદુ સો મણ અમૃતને વિષમય બનાવી દે છે. પણ આશ્ચર્યકારક ઘટના એ બની..... અમૃતના એક બિંદુએ સો મણ વિષના કુંડને અમૃતમાં ફેરવી દીધું. એ ઘટના ક્યાં બની? કનકખલ આશ્રમ ‘બુજ્ઝ બુજ્ઝ ચંડકોશિયા’ રૂપ અમૃતના એક બિંદુએ દ્રષ્ટિવિષ સર્પના વિષના કુંડને અમૃતમાં ફેરવી નાંખ્યો.

ક્રોધની આગમાંથી, ગોભદ્રમાંથી ચંડકૌશિક કેવી રીતે બન્યો? ક્રોધમાંથી સમતા કેવી રીતે પામ્યો ? પતન પછી ફરી ઉત્થાન કેવી રીતે થયું ? આ વસ્તુ જાણવી છે? તો અવશ્ય વાંચો.

નાનકડું નિમિત્ત પતનનું કારણ કઈ રીતે બને? અને પતિતનું ઉત્થાન કઈ રીતે થાય ? તેની સાધના વેગવંતી કેમ બને તે સમજાવવા માટે ચંડકૌશિકાનું દ્રષ્ટાંત એટલે જ આ ગ્રંથ.

**૬૧. સમરાઈચ્ચ કહા :**

ક્રોધ તમને સતાવે છે? હા. તો તેનાથી કેવી રીતે બચી શકાશે ? જાણવું છે ? તો અવશ્ય આ પુસ્તક વાંચો .....

ક્રોધ માણસને કેવી રીતે હેરાન કરે છે? ગુણસેન-અગ્નિશર્માના દષ્ટાંત દ્વારા ક્રોધનું ફળ કેવું હોય છે, તે રોમાંચક શૈલીમાં દર્શાવેલ છે.આવા તો હજારો ગ્રંથો આજે ઉપલબ્ધ છે. જીવનમાં એકથી બીજી વાર વાચવાનો વારો ન આવે એટલા બધા ગ્રંથો આજેય ઉપલબ્ધ છે.

## જૈન ન્યાયના મહાન લેખકો અને તેમની કૃતિઓ

| | |
|---|---|
| ૧. શ્રી સિદ્ધસેન દિવાકર | ૧. સન્મતિતર્ક, |
| | ૨. ન્યાયાવતાર |
| ૨. શ્રી મલ્લવાદીસૂરિ | ૧. દ્વાદશારનયચક્ર |
| | ૨. સન્મતિનીટીકા |

| | |
|---|---|
| ૩. શ્રી હરિભદ્રસૂરિ | (અનેકાંતજયપતાકા) |
| | લલિતવિસ્તરા, |
| | ધર્મસંગ્રહણી |
| ૪. શ્રી અભયદેવસૂરિ | ૧. સન્મતિતર્ક પર મહાટીકા |
| ૫. શ્રી વાદીદેવસૂરિ | ૧. સ્યાદ્વાદરત્નાકર |
| ૬. શ્રી હેમચંદ્રાચાર્ય | ૧. પ્રમાણમિમાંસા |
| | ૨. અન્ય યોગવ્યવચ્છેદ દ્વાત્રિંશિકા |
| ૭. ઉપા. શ્રી યશોવિજયજી | ૧. જૈન તર્ક પરિભાષા |
| | ૨. દ્વાત્રિંશદ્ દ્વાત્રિંશિકા |
| | ૩. ધર્મપરીક્ષા |
| | ૪. નયપ્રદીપ |
| | ૫. નયામૃતતરંગિણી |
| | ૬. ખંડનખંડ આદ્ય |
| | ૭. ન્યાયલોક |
| | ૮. નયરહસ્ય |
| | ૯. નયોપદેશ |
| | ૧૦. અનેકાંતવ્યવસ્થા |
| | ૧૧. તત્ત્વાર્થસૂત્ર વૃતિ |
| ૮. શ્રી ગુણરત્નસૂરિ | ષડ્દર્શન સમુચ્ચયવૃતિ |
| ૯. શ્રી ચંદ્રસેનસૂરિ | ઉન્માદસિદ્ધિ પ્રકરણ |
| ૧૦. શ્રી ચંદ્રપ્રભસૂરિ | પ્રમેયરત્નકોષ: |
| ૧૧. શ્રી પદ્મસુંદરગણિ | પ્રમાણસુંદર |
| ૧૨. શ્રી બુદ્ધિસાગરસૂરિ | પ્રમાલક્ષણલક્ષણા |
| ૧૩. શ્રી મુનિચંદ્રસૂરિ | અનેકાંતવાદજયપતાકા |
| ૧૪. શ્રી રાજશેખરસૂરિ | સ્યાદ્વાદકલિકા |
| ૧૫. રત્નપ્રભસૂરિ | રત્નાકરાવતારિકા |
| ૧૬. શ્રી શુભવિજયજી | સ્યાદ્વાદભાષા |
| ૧૭. શ્રી શાંતિસૂરિ | પ્રમાણપ્રમેયકલિકાવૃતિ |

દિગંબરોમાં પણ ન્યાય ઉપર લખનારા ઘણા પંડિતો થયા છે.

jainuniversity.org

## જૈનાચાર્યોએ વિભિન્ન વિષયોમાં સર્જેલ સાહિત્ય તથા આપેલ યોગદાન અભ્યાસક્રમની ઝલક

| | |
|---|---|
| ૧. આગમો | ૨. આગમિક સાહિત્ય (ભાષ્ય) |
| ૩. આગમિક સાહિત્ય (નિર્યુક્તિ) | ૪. આગમિક સાહિત્ય (ચૂર્ણિ) |
| ૫. આગમિક સાહિત્ય (ટીકા) | ૬. કર્મ સાહિત્ય |
| ૭. અધ્યાત્મ તથા યોગ | ૮. વૈરાગ્ય |
| ૯. દાર્શનિક ગ્રંથો | ૧૦. અનેક પ્રકારના કાવ્યો |
| ૧૧. કથા સાહિત્ય | ૧૨. ઐતિહાસિક સાહિત્ય |
| ૧૩. લલિતવાઙ્મય સાહિત્ય | ૧૪. વિવિધવિધાનના ગ્રંથો |
| ૧૫. કલ્પ ગ્રંથો | ૧૬. મંત્રશાસ્રો |
| ૧૭. તંત્રશાસ્રો | ૧૮. પર્વશાસ્રો |
| ૧૯. તીર્થ સ્વરૂપના ગ્રંથો | ૨૦. સંગીતશાસ્ર |
| ૨૧. કલાસાહિત્ય | ૨૨. ગણિતશાસ્ર |
| ૨૩. જ્યોતિષશાસ્ર | ૨૪. શકુનશાસ્ર |
| ૨૫. નિમિત્તશાસ્ર | ૨૬. સ્વપ્નશાસ્ર |
| ૨૭. ચૂડામણિશાસ્રો | ૨૯. સામુદ્રિકશાસ્રો |
| ૩૦. લક્ષ્મણ શાસ્ર | ૩૧. આર્ય શાસ્ર |
| ૩૨. અર્થ શાસ્ર | ૩૩. કોષ્ઠક શાસ્ર |
| ૩૪. આયુર્વેદ શાસ્ર | ૩૫. અર્થશાસ્ર |
| ૩૬. નીતિશાસ્ર | ૩૭. શિલ્પશાસ્ર |
| ૩૮. રત્નશાસ્ર | ૩૯. વ્યાકરણશાસ્ર |
| ૪૦. કોષ ગ્રંથો | ૪૧. અલંકાર ગ્રંથો |
| ૪૨. છંદશાસ્ર | ૪૩. નાટ્યશાસ્ર |
| ૪૪. કામશાસ્ર | ૪૫. ગજપરીક્ષા |
| ૪૬. મુદ્રાશાસ્ર | ૪૭. ધાતુ-વિજ્ઞાનશાસ્ર |
| ૪૮. પ્રશ્ન-વિજ્ઞાનશાસ્ર | ૪૯. ભૂગોળ |
| ૫૦. ખગોળ | ૫૧. અશ્વપરિક્ષા વગેરે |

# ધાર્મિક સૂત્રજ્ઞાન અભ્યાસક્રમ

આગળ જણાવેલ બધા ગ્રંથોમાંથી અભ્યાસ કરવા માટે તમે કયા સ્થાનેથી શરૂઆત કરશો? તે જાણવા માટે તમને જરૂરી માહિતી નીચે પ્રમાણે છે. તમારે આ ક્રમ પ્રમાણે ધાર્મિક અભ્યાસ કરી શકાય.

| | |
|---|---|
| ૧. બે પ્રતિક્રમણ | ૨. પાંચ પ્રતિક્રમણ, ૨. (અ) આવશ્યક વિધિઓનું જ્ઞાન |
| ૩. નવ સ્મરણ | ૪. જીવ વિચાર |
| ૫. નવતત્ત્વ | ૬. લઘુસંગ્રહણી |
| ૭. દંડક | ૮. ત્રણ ભાષ્ય (ચૈત્યવંદન, ગુરુવંદન, પચ્ચક્ખાણભાષ્ય) |
| ૯. છ કર્મગ્રંથ | ૧૦. વૈરાગ્ય શતક |
| ૧૧. ઇંદ્રિય પરાજય શતક | ૧૨. વીતરાગ સ્તોત્ર |
| ૧૩. તત્ત્વાર્થધિગમ સૂત્ર | ૧૪. બૃહત્સંગ્રહણી (જૈન ભૂગોળ) |
| ૧૫. યોગ સાર | ૧૬. યોગશતક |
| ૧૭. તત્ત્વજ્ઞાન | ૧૮. જ્ઞાનસાર |
| ૧૯. હૃદય પ્રદીપ | ૨૦. સિંદુરપ્રકર |
| ૨૧. પ્રશમરતિ પ્રકરણ | ૨૨. જિનગુણ પદ્યાવલી (ચૈત્યવંદન, સ્તુતિ, સ્તવન-સજઝાય) |
| ૨૩. વિધિ-વિધાન (કુંભથાપના, શાંતિસ્નાત્ર, અંજનશલાકા, પ્રતિષ્ઠા વગેરે) | ૨૪. સ્નાત્રપૂજા |
| ૨૫. પૂજાની ઢાળો | ૨૬. ભાવનાગીતો |
| ૨૭. માર્ગાનુસારીનાં ૩૫ ગુણો | ૨૮. ધાર્મિક પર્વ - ઉત્સવ જ્ઞાન. |
| ૨૯. પર્યુષણ પર્વ આરાધના વિધિ | ૩૦. સામાયિક - પૌષધ-દર્શન-પૂજા-વંદન-વિધિ |
| ૩૧. ધર્મસંગ્રહ | ૩૨. આનંદઘનજી ચોવીસી |
| ૩૩. યશોવિજયજી કૃત ચોવીશી | ૩૪. નારકી ચિત્રાવલી |
| ૩૫. રત્નાકર પચ્ચીસી | ૩૬. અરિહંત વંદનાવલી. |

| શું જાણવું છે? | કયો ગ્રંથ વાંચશો? |
|---|---|
| ૧. શ્રાવકપણાના આચારો જાણવા છે? | : શ્રાદ્ધવિધિ, ધર્મસંગ્રહ, શ્રાવકધર્મવિધિ પ્રકરણ.... |
| ૨. ધાર્મિક સંસ્થાનો વહીવટ કરવો છે? | : દ્રવ્યસપ્તતિકા |
| ૩. ૧૪ રાજલોકના જીવોને જાણવા છે? | : જીવવિચાર વગેરે |
| ૪. જૈન શાસનના તત્ત્વો સમજવા છે? | : નવતત્ત્વ, તત્ત્વાર્થ વગેરે |
| ૫. જિનમંદિરમાં વિધિ કેમ કરાય? તે જાણવું છે? | : ચૈત્યવંદન ભાષ્ય વગેરે |
| ૬. ગુરુ ભગવંત સાથેના વ્યવહારો શીખવા છે? | : ગુરુવંદન ભાષ્ય વગેરે |
| ૭. જૈન શાસનના કર્મસિદ્ધાંતો જાણવા છે? | : કર્મગ્રંથ તત્ત્વાર્થ વગેરે |
| ૮. સાધકનું જીવન જાણવું છે? | : યોગશાસ્ત્ર પ્રકાશ - ૧-૨-૩ |
| ૯. મોક્ષમાર્ગની સાધના જાણવી છે? | : યોગશાસ્ત્ર પ્રકાશ - ૪ |
| ૧૦. ઉત્તમ મહાપુરુષોનાં જીવન જાણવા છે? | : ત્રિષષ્ટિશલાકાપુરુષ ચરિત્ર વગેરે |
| ૧૧. શ્રાવકના દ્રવ્યથી અને ભાવથી ગુણો જાણવા છે? | : ધર્મરત્ન પ્રકરણ વગેરે |
| ૧૨. ધર્મમાં પ્રવેશ પામવો છે? | : ધર્મબિંદુ, યોગશાસ્ત્ર વગેરે |
| ૧૩. વિવિધ વિષયો અંગેના મહાપુરુષોના શાસ્ત્રીય ઉત્તરો જાણવા છે? | : હીરપ્રશ્ન, સેનપ્રશ્ન, વિવિધ પ્રશ્નોત્તર |
| ૧૪. માતા-પિતા, ભાઈ-પતિ-પત્ની-પુત્ર-ધર્મગુરુ સરકારી પુરુષો, મિત્રવર્તુળ વગેરે સાથેનો ઉચિત આચાર જાણવો છે? | : હિતોપદેશમાળા વગેરે |
| ૧૫. સંસારનું વાસ્તવિક સ્વરૂપ જાણવું છે? | : વૈરાગ્ય શતક, શાંત સુધારસ, ભવભાવના, ઉપમિતિ વગેરે |
| ૧૬. અધ્યાત્મની પ્રાપ્તિના ઉપાયો જાણવા છે? | : અધ્યાત્મસાર |
| ૧૭. મહાપુરુષોનું નામસ્મરણ કરવું છે? | : ભરહેસર સૂત્ર |
| ૧૮. ૧૪ રાજલોકના તીર્થોને વંદના કરવી છે? | : સકલતીર્થ સૂત્ર |
| ૧૯. જીવનમાં થતા પાપોનું મિચ્છામિ દુક્કડમ્ આપવું છે? | : અઢાર પાપસ્થાનક સૂત્ર |
| ૨૦. અરિહંત પરમાત્માના વિશેષ ગુણો જાણવા છે? | : નમુત્થુણંસૂત્ર, લલિત વિસ્તરા |
| ૨૧. જંબુદ્વીપનું સ્વરૂપ સમજવું છે? | : જંબુદ્વીપસંગ્રહણી |
| ૨૨. સમ્યગ્દર્શનનું સ્વરૂપ તથા ભેદો જાણવા છે? | : સમ્યક્ત્વના ૬૭ બોલની સજ્ઝાય |
| ૨૩. અરિહંત પરમાત્માનું સ્વરૂપ જાણવું છે? | : અરિહંત વંદનાવલી |
| ૨૪. ધર્મમાં પ્રયત્ન કરતા થવું છે? | : ઉપદેશમાળા |
| ૨૫. જીવનને સમાધિમય બનાવવું છે? | : નમસ્કાર મહામંત્ર, સમાધિશતક. |

jainuniversity.org